Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैन सत्य प्रकाश

તંત્રી

ચીમનલાલ ગોકળદાસ શાહ

વર્ષ ૧૩ : અંક ૧૧ ] અમદાવાદ : તા. ૧૫-૮-૪૮ [ ક્રમાંક : ૧૫૫

## विषय-दर्शन


વિજ્ઞપ્તિ : ટાઈટલ પાનું-૨

૧ કવિવર શ્રીલાવણ્યસમય મહારાજકૃત આલોયણગર્ભિત
શ્રીસીમંધરજિન વિનંતિ યાને આલોયણ ભાસ : પૂ. મુ. મ. શ્રી. રમણિકવિજયજી : ૨૪૧

૨ આગમના બાલાવબોધ : પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડિયા : ૨૫૧

૩ મહાકવિ શ્રી પરમાર્હત ધનપાલરચિત શ્રાવકવિધિપ્રકરણ
: પૂ. મુ. મ. શ્રી. ધુરંધરવિજયજી : ૨૫૭

૪ આત્મદર્શનનો અભિલાષ : શ્રી. લીલાબેન હઠીસિંગ ટાઈટલ પાનું-૩


શ્રી પર્યુષણા મહાપર્વના આરાધન પ્રસંગે શ્રી સંઘની આ સમિતિ અને આ માસિકને મદદ કરવાની ચતુર્વિધ શ્રી સંઘને વિનંતિ છે.

લવાજમ-વાર્ષિક બે રૂપિયા : આ અંકનું મૂલ્ય-ત્રણ આના

ACHARYA SRI KAILASSAGARSURI GYANMANDIR
SHREE MAHAVIR JAIN ARADHANA KENDRA
Koba, Gandhinagar - 382 007.
Ph. : (079) 23276252, 23276204-05

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિજ્ઞપ્તિ

છાપકામ અને કાગળની દિવસે દિવસે વધતી જતી કારમી મોંઘવારીના સમયમાં પણ "જૈન સત્ય પ્રકાશ" માસિક ગ્રાહકોને માત્ર બે રૂપિયા જેટલા નજીવા લવાજમમાં અને પૂજ્ય આચાર્ય મહારાજ આદિ મુનિવરોને વગર લવાજમે આપવાનું અમે ચાલુ રાખ્યું છે, અને ભવિષ્યમાં પણ એ મુજબ જ અમે એ ચાલુ રાખવા માગીએ છીએ આ રીતે માસિક અમે આપી શક્યા છીએ એનું મુખ્ય કારણ શ્રીસંઘ તરફથી અમને સમયે સમયે મળતી રહેલી ઉદાર મદદ છે; આવી મદદ ન મળે તો આ રીતે માસિક આપી શકાય જ નહીં.

અત્યારે છેલ્લે છેલ્લે વધેલી મોંઘવારીના કારણે અમારે થોડીક નાણાંભીડ ભોગવવી પડે છે; અને તેથી સમસ્ત શ્રીસંઘ સમક્ષ અમે અમારી એ વાત રજુ કરીએ છીએ, અને આશા રાખીએ છીએ કે અત્યાર સુધીની જેમ આ વખતે પણ શ્રી સંઘ અમારી માંગણી જરૂર પૂરી કરશે.

ચતુર્માસના ધાર્મિક પર્વોના દિવસો આવે છે. તે વખતે આ માસિકને અને સમિતિને દરેક પ્રસંગે યાદ રાખવા અમે દરેક ગામના જૈન સંઘને તેમજ તે તે ગામમાં બિરાજતા મુનિવરોને વિનંતિ કરીએ છીએ.

—વ્ય૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ॐ अर्हम् ॥
अखिल भारतवर्षीय जैन श्वेताम्बर मूर्तिपूजक मुनिसम्मेलन संस्थापित
श्री जैनधर्म सत्यप्रकाशक समितिनुं मासिक मुखपत्र

# श्री जैन सत्य प्रकाश

जेशिंगभाईकी वाडी : घीकांटा रोड : अमदावाद (गुजरात)

| | | |
|---|---|---|
| वर्ष १३ | વિક્રમ સં. ૨૦૦૪ : વીરનિ. સં. ૨૪૭૪ : ઈ. સ. ૧૯૪૮ | क्रमांक |
| अंक ११ | શ્રાવણ શુદિ ૧૧ : રવિવાર : ૧૫મી ઓગસ્ટ | १५५ |


કવિવર શ્રીલાવણ્યસમય મહારાજકૃત

## આલોયણગર્ભિત શ્રીસીમંધરજિનવિનંતિ

યાને

## આલોયણ ભાસ

સંપાદક—પૂજ્ય મુનિમહારાજ શ્રીરમણિકવિજયજી

**નામ**—કવિવર શ્રી લાવણ્યસમયજીની જે કૃતિ અહીં આપવામાં આવી છે, એ કૃતિનું નામ 'આલોયણ ભાસ' છે. પરંતુ મેં જે પ્રતો એકત્ર કરી છે, તે દરેકમાં એનાં જુદાં જુદાં નામો મળે છે. એટલે આ કૃતિનું ખરું નામ શું? તેનો વિચાર કરવો ઘટે. નામો આ પ્રમાણે મળે છે: ૧ સીમંધર સ્વાધ્યાય, ૨ સીમંધર વિનંતિ સ્તવન, ૩ સીમંધર વિનંતિ, ૪ આલોયણ, ૫ આલોયણ ભાસ, ૬ આલોયણ સીમંધર સ્તવન. જૈન-ગુર્જર-કવિઓ ભા. ૧માં દેસાઈ મોહનલાલે કવિવરની કૃતિઓની નોંધ આપી છે, તેમાં આને 'આલોયણ વિનંતિ' તરીકે જણાવી છે. અને શ્રી વિજયધર્મસૂરિજી મહારાજ સંપાદિત ઐતિહાસિક-રાસ-સંગ્રહમાં આ કૃતિની નોંધ 'આલોયણ વિનંતિ' તરીકે કરી છે. આ બધાં નામો મળવા છતાં કૃતિના વિષયના ઔચિત્યનો વિચાર કરી મેં આનું નામ 'આલોયણ ગર્ભિત શ્રી સીમંધર જિન વિનંતિ યાને આલોયણ ભાસ' રાખ્યું છે.

**પ્રતિપરિચય**—આ કૃતિના સંપાદનમાં મેં ૭ પ્રતોનો ઉપયોગ કર્યો છે. તે પૈકી ત્રણ પ્રતો પૂજ્યપાદ પ્રવર્તકજી મહારાજ શ્રી કાંતિવિજયજી મહારાજના વડોદરાના ભંડારની છે, એક પ્રત અમદાવાદ વીરના ઉપાશ્રયના જ્ઞાનભંડારની છે, એક પ્રત પૂજ્યપાદ શ્રી મુક્તિવિજયજી મહારાજ (મૂલચંદજી મહારાજ)નો ભંડાર છાણીની અને એક પ્રત મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજના સંગ્રહની છે.

આ ૭ પ્રતિઓ પૈકી બે પ્રતિમાં લખ્યાસંવતનો ઉલ્લેખ છે. આ બે પ્રતિઓમાંની એક શ્રી પ્રવર્તકજી મહારાજની ત્રણ પ્રતિઓ પૈકી એક છે. અને બીજી પ્રતિ શ્રી પુણ્યવિજયજી મહારાજના સંગ્રહવાળી. શ્રી પ્રવર્તકજી મહારાજની પ્રતિમાં આ પ્રમાણે ઉલ્લેખ છે—संवत् १५७३ वर्षे श्रा. कक् पठनार्थं लेखितमिदं पत्तननगरे ग. हर्षवृद्धिगणिभिः श्रीरस्तु બીજી પ્રતિમાં सं १६७४ वर्षे वैशाख वदि अष्टमी दिने लिखित.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બાકીની જે પ્રતિઓ છે તે પૈકી વીરના ભંડારની પ્રતની ભાષા અને લિપિ જોતાં એમ લાગે છે કે એ પ્રતિ સોળમા સૈકાના અંતમાં અગર સત્તરમા સૈકાની શરૂઆતમાં લખાયેલી હોવી જોઈએ. જે પ્રતિ શ્રી મુક્તિવિજયજી મહારાજના ભંડારની છે તેની લિપિ જોતાં સત્તરમા સૈકાના ઉત્તરાર્દ્ધમાં લખાયેલી હશે. અને બીજી બે પ્રતિઓ ૧૮મા સૈકાના ઉત્તરાર્દ્ધમાં અગર ૧૯મા સૈકાની શરૂઆતમાં લખાયેલી હોય એમ તેની લિપિ અને ભાષા ઉપરથી અનુમાન થાય છે. જે પ્રતિ સં. ૧૫૭૩માં લખાયેલી છે, તે પ્રતિ આ કૃતિના રચનાસંવત પછી ૧૧મે વર્ષે લખાયેલી છે. કારણ કૃતિની રચનાસંવત ૧૫૬૨ની છે. આ પ્રતિને મુખ્ય રાખીને મેં પ્રસ્તુત કૃતિનું સંપાદન કર્યું છે.

**ગાથાપ્રમાણ, પાઠાંતર**—છયે પ્રતોમાં ગાથાઓનું પ્રમાણ ઓછાવત્તા રૂપે મળે છે. સં. ૧૫૭૩ વાળી પ્રતિમાં, વીરના ઉપાશ્રયવાળી પ્રતિમાં, શ્રી મૂલચંદજી મહારાજના ભંડારની પ્રતિમાં, અને મુનિ શ્રી પુણ્યવિજયજી મહારાજના સંગ્રહવાળી પ્રતિમાં ૪૭ ગાથાઓ છે. ત્યારે પ્રવર્તકજી મહારાજના ભંડારની બે પ્રતોમાં અનુક્રમે ૫૪ અને ૫૬ ગાથાઓ છે. પ્રસ્તુત સંપાદનમાં મેં સંવત ૧૫૭૩ વર્ષે લખાયેલી પ્રતને મુખ્ય રાખેલ હોઈ તેમજ બીજી અનેક પ્રતિઓમાં ૪૭ ગાથાઓ મળતી હોઈ અહીં ૪૭ ગાથાઓને મૌલિક તરીકે રાખી છે, અને અર્વાચીન પ્રતિઓમાં મળતી વધારાની ગાથાઓને ક્ષેપક તરીકે ગણીને એ ક્ષેપક ગાથાઓ જુદી આપી છે. આ ક્ષેપક ગાથાઓ પાછળથી ઉમેરાઈ છે, એ આપણને સ્પષ્ટપણે જણાય છે.

કવિવરે ચંદરવા સંબંધી ગાથાઓ રચતાં આઠ પ્રકારના ચંદરવાનું વર્ણન કર્યું છે. જ્યાં ચંદરવા સંબંધી જે વિધાન શાસ્ત્રકારે કર્યું છે, ત્યાં દશ પ્રકારના ચંદરવાનું વર્ણન મળ્યું છે. તે આ પ્રમાણે છે—

चंद्रोदयदशकम्—जलस्थानोपरि १, खण्डनस्थानोपरि २, प्रेषणस्थानोपरि ३, चुल्हकोपरि ४, धान्यरक्षणस्थानोपरि ५, दधिमथनस्थानोपरि ६, भोजनस्थानोपरि ७, शयनस्थानोपरि ८, जिनालये ९, उपाश्रये १०।

છેલ્લા બે ચંદરવા કે જે જિનાલય અને ઉપાશ્રયને લગતા છે, તે સાર્વત્રિક ન હોવાને કારણે કવિવરે જતા કરેલ હોઈ, ચંદરવાની અમુક પરંપરાને સાચવી રાખવા પાછળથી કોઈ વિદ્વાને નવી ગાથા બનાવીને ઉમેરેલા લાગે છે કે જે પ્રાચીન પ્રતિઓમાં નથી. છતાં એ નવીન ગાથા બનાવનારના ઉદ્દેશને ધ્યાનમાં રાખી અમે પણ આ ગાથાને મૂળ કૃતિમાં [ ] આવા કાટખૂણ કોષ્ટકમાં આપી છે.

આગળ ચાલતાં કવિશ્રી અપકાયની વિરાધનાનો પ્રસંગ હોઈ માત્ર પાણી ગળવાના ગળણાની વિચારણા અને આલોચનાનો ઉલ્લેખ કરી વિરમે છે, જ્યારે પાછળના કોઈ વિદ્વાને શાસ્ત્રમાં નોંધાયેલા સાત પ્રકારના ગળણાંની વિગતને સૂચવતી બે ગાથાઓ ઉમેરેલી છે, જે ગાથાઓને અમે પ્રસ્તુત કૃતિને અંતે આપી છે.

આ રીતે આ કૃતિમાં બીજી પણ કેટલીક ગાથાઓ ઉમેરાયેલી છે એ બધી ક્ષેપક ગાથાઓને અમે કૃતિને અંતે એકી સાથે આપેલી છે.

આ કૃતિમાં થયેલા ઉમેરા જેવો જ ઉમેરો કવિવરની બીજી એક કૃતિ "શ્રી આદીશ્વર વિનંતી" છે તેમાં પણ થયેલો છે. એ વિનંતિની મૂળ ગાથાઓ ૪૭ છે તેમાં ઉમેરો થતાં સંખ્યા ૫૫ સુધી પહોંચી ગઈ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રસ્તુત રચનામાં માત્ર ગાથાઓમાં વધારો થયો છે એટલું જ નહિ પણ કેટલીય જગ્યાએ પદોની ઊલટાસૂલટી અને ફેરબદલી પણ થઈ ગઈ છે તેમજ પાઠભેદો પણ ઘણા થઈ ગયા છે.

**ભાષા**—જો કે પ્રસ્તુત વિનંતિની ઉત્તરોત્તર થયેલી નકલોમાં ભાષાનું રૂપ ઘણું જ વિકૃત થયેલું છે, તેમ છતાં, ગ્રંથ અને ગ્રંથકારના જમાનાની ગૂજરાતી ભાષાનો નિર્ણય કરવા માટે ગ્રંથકારના સ્વહસ્તે લખાયેલી પ્રતિ અગર ગ્રંથરચના-સમયના અતિ નજીકના સમયમાં લખાયેલી પ્રતિ મુખ્ય આધાર તરીકે ગણવી જોઈએ. એ વસ્તુને લક્ષમાં રાખી, મેં એકત્ર કરેલી પ્રતિઓ પૈકી ગ્રંથની પ્રાચીનતમ ગણી શકાય તેવી સંવત્ ૧૫૭૩માં લખાયેલી પ્રતિનો આ સંપાદન અને પ્રકાશનમાં ઉપયોગ કર્યો છે, જેને કવિવર શ્રી લાવણ્યસમયની અથવા એમના જમાનાની ભાષાના નમૂના તરીકે આપણે સ્વીકારી શકીએ.

આમ કરવા જતાં કેટલીક વાર એમ પણ બન્યું છે કે કેટલેક ઠેકાણે બીજી પ્રતિના આધારે અમુક પદો વગેરે ફેરફાર કરવા જેવા લાગવા છતાં મૌલિક ભાષાનું રૂપ વિકૃત થઈ જવાના ભયથી એ વિચારને પડતો મૂકવામાં આવ્યો છે.

વીરના ઉપાશ્રયની પ્રતિ ગ્રંથકાર પછી માત્ર પચાસેક વર્ષ બાદ લખાયેલી હોય તેવી લાગે છે. તેમ છતાં તેમાં પદો વગેરેના ફેરફાર ઉપરાંત ભાષાના સ્વરૂપમાં પણ ઘણો પલટો આવી ગયો છે; તો જે પ્રતિઓ એક કે બે સૈકાં અગર તેથી અધિક સમય વીત્યા બાદ લખાઈ હોય તેના ભાષાસ્વરૂપની વિકૃતિ માટે આપણે વધારે કશું જ વિચારવાનું કે કહેવાનું રહેતું જ નથી. મેં એકત્ર કરેલી પ્રતિઓમાં ઉત્તરોત્તર ભાષાના સ્વરૂપમાં કેવો પલટો આવ્યો છે, તેનો ખ્યાલ આવે તે માટે કેટલાંક ઉદાહરણો આ નીચે આપવામાં આવે છેઃ—

| સં. ૧૫૭૩ વાલી પ્રતિ | વીર. ઉ. પ્રતિ | બીજી પ્રતિઓ |
|---|---|---|
| ભમિઉ | ભિમિઉ | ભમ્યુ, ભમ્યૌ, ભમ્યો |
| ભવઉસનઉ | ભવઉસનું | ભવઉસન્નો, ભવઉસનો |
| મઈ | મિ | મે |
| તુ | તુ | તો, તૌ |
| પ્રામીઉં | પામિઉં | પામીયો |
| ઓલખિઆ | ઓલખ્યાં | ઓલખ્યા, ઉલખ્યા |
| ઇસિઆં | ઈરયાં | અરયાં |
| ચઉથુ | ચૂથુ | ચઉથઉ, ચોથો |
| સંઝેરણુઈ | સંઝેરણુઈ | સંઝેરણઇ, સંઝેરણે, સંઝેરડે |
| રમિઉ | રમૂ | રમ્યું, રમ્યો |
| વઉહરાવીઆ | વહુરાવીઆ | વોહરાવીયાં, વોહોરાવીયાં |
| મઈ તુ ઉવલી રે કીધા કેટલા પાપ તુ | મેં તુ ઉલવ્યા રે કરૂ કેતલા પાપ તુ | મિ તો ઉલવ્યા રે કર્યાં કેતલા પાપ તોઃ મે તો વોલ્યાં રે કીધા કેતલા પાપ તો |

આવા બીજા ઘણા ફેરફારો છે, જે અમે અહીં આપ્યા નથી, અને આપવાની જરૂરત પણ નથી. ઉપર આપવામાં આવેલા માર્ગદર્શક પરિવર્તનો ઉપરથી ઉત્તરોત્તર ભાષામાં કેવું પરિવર્તન થયું છે તેનો ખ્યાલ આપણને આવી શકે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**રચનાસ્થાનઃ**—આ વિનંતિ કવિવરે સંવત ૧૫૬૨માં વામજ ગામમાં બિરાજમાન શ્રી આદીશ્વર ભગવાનના સાન્નિધ્યમાં રહીને કરી છે. વામજ ગામ ઉત્તર ગુજરાતમાં વડોદરા રાજ્ય–મહેસાણા પ્રાંતના કલોલ તાલુકામાં આવેલું છે. વામજ ગામ કલોલ ગામથી ચાર ગાઉ અને સેરિસા તીર્થની નજીકમાં આવેલું છે. અત્યારે ત્યાં જૈન વસ્તી કે તે વખતનું દેરાસર આદિ કંઈ નથી. પરંતુ કવિશ્રીએ જ્યારે આ કૃતિનું નિર્માણ કર્યું ત્યારે જરૂર **એની જાહોજલાલી હશે.** થોડાં વરસો પહેલાં ત્યાં જમીનમાંથી કેટલીક મૂર્તિઓ મળી આવી છે, એ એનું પ્રતીક છે. આ ગામ સેરિસાની નજીક હોઈ તેનો જીર્ણોદ્ધાર કરતી વખતે અહીંયાં પણ એક દેરાસર બંધાવીને નવેસરથી ભગવાનની એ મૂર્તિઓને બિરાજમાન કરવામાં આવી છે. એટલે અત્યારે સેરિસા તીર્થની જેમ વામજ ગામ પણ યાત્રાના ધામ તરીકે પ્રસિદ્ધિમાં આવ્યું છે.

**ઉદ્દેશ અને સારઃ**—પ્રસ્તુત સીમંધરજિનવિજ્ઞપ્તિમાં કવિવરે અંત્ય સમયની આરાધના અને આલોચનાના સ્વરૂપથી અજાણ ભાવુક ધર્માત્મા મનુષ્યે જીવનના અંત્ય સમયે કઈ રીતે આરાધના અને પાપની તેમ જ અતિચારો–દોષોની આલોચના તથા શુદ્ધિ કરવી એ વસ્તુ સમજાવવા પ્રયત્ન કર્યો છે. ઉપાધ્યાયજી શ્રી સમયસુંદરગણીએ પદ્માવતી આરાધનામાં, અને ઉપાધ્યાયજી વિનયવિજયજી મહારાજે પુણ્યપ્રકાશ સ્તવનમાં આ જ પ્રકારની વસ્તુનું પ્રતિપાદન કરેલી છે. તેમ છતાં જેમ આ બે કૃતિઓ અને એને મળતી બીજી કૃતિઓમાં આરાધના, આલોચના, શુદ્ધિ આદિનું સ્વરૂપ પ્રકારાંતરે વર્ણવાયેલું જોવામાં આવે છે, તેમ કવિશ્રીએ પોતાની આ વિજ્ઞપ્તિમાં પણ આરાધના આદિનું સ્વરૂપ એક જુદા જ પ્રકારે અથવા પ્રકારાંતરે કરેલું છે, જે અતિરોચક અને ભાવપ્રધાન શૈલીમાં કરેલું છે. આશા રાખવામાં આવે છે કે–દરેક વિજ્ઞ વાચક કૃતિમાંથી સાહિત્યનો આસ્વાદ લેવા ઉપરાંત કવિવરના મુખ્ય આશયને આચારમાં લાવવા સવિશેષ પ્રયત્નશીલ બને.

**ઉપસંહારઃ**—અમદાવાદમાં ભઠ્ઠીની બારીએ પંડિત શ્રી વીરવિજયજી મહારાજનો ઉપાશ્રય છે, જે હાલ 'વીરનો ઉપાશ્રય' એ નામથી પ્રસિદ્ધ છે. ત્યાં પંન્યાસજી શ્રી કીર્તિમુનિજી મહારાજ બિરાજમાન હતા. તેમને મળવા માટે મુનિશ્રી પુણ્યવિજયજી ગયા હતા. તે વખતે મુનિશ્રીએ પંન્યાસજીને ત્યાંનો ભંડાર જોવાની ઇચ્છા દર્શાવી. એટલે પંન્યાસજીએ કહ્યું તમે નિરાંતે જ્યારે આવો ત્યારે બતાવું. (કારણ કે આ ભંડારની વ્યવસ્થા પંન્યાસજીના હસ્તક થયેલી છે.) થોડા વખત પછી મુનિરાજ શ્રી પુણ્યવિજયજી અને હું ભંડાર જોવા માટે ગયા. ત્યાં મુનિશ્રી ભંડારમાંથી અમુક પ્રતિઓ જોવા માટે દાબડા બહાર કઢાવીને જોતા હતા. તે વખતે હું એક દાબડાની પ્રતિઓ બહાર કાઢતો હતો, તેમાં એક પ્રતિ ઉપર 'આલોયણ' એમ નામ લખેલું હતું, તે પ્રતિ ખોલીને મેં જોઈ તો કવિવરની કૃતિ જણાઈ. તેથી મને થયું કે આ કૃતિની પ્રેસ કોપી કરીને જૈન–સત્ય–પ્રકાશ માસિકને મોકલી આપું. આ વિચારથી પ્રતિ લાવ્યા, પ્રેસ કોપી તૈયાર કરીને મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજને મેં કહ્યું આમાં અશુદ્ધિઓ છે. અને બે ગાથામાં ઉત્તરાર્દ્ધ પદ નથી, એટલે ગાથાઓ મળતી નથી. ત્યારે તેમણે કહ્યું કે લિપિનો દોષ છે, અને લહિયાનો દોષ છે. એટલે ગાથાનાં પદો લખવાં ભૂલી ગયો છે. માટે બીજી પ્રતિ મેળવીને શુદ્ધ કર્યા પછી માસિકને મોકલી આપજે. આપણે જે કામ કરવું તે શુદ્ધ અને ચોકસાઈ પૂર્વક કરવું માટે ઉતાવળ કરવાની જરૂર નથી. આથી બીજી પ્રતિ મેળવવા માટે મેં જૈન–

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુર્જર-કવિઓ ભાગ પ્રથમ જોયો. તેમાં ભાઇશ્રી દેસાઈએ આ કૃતિની નીચે 'વિ-ધ-સૂ ભંડાર' લખેલું છે, તેથી મને થયું કે ભાઇશ્રી દેસાઇને આ કૃતિ ત્યાં જોવા મળી છે. બીજે જોવામાં આવી નહિ હોય. વિ-ધ-સૂ નો ભંડાર આગ્રામાં હોઇ આ કાર્ય અંગે બીજી પ્રતિ મેળવવાની ઇંતેજારીથી મેં એક પત્ર શિવપુરી મુનિરાજ શ્રી વિદ્યાવિજયજી મહારાજને લખ્યો. તેઓ તરફથી જવાબ આવ્યો કે હાલમાં ત્યાંથી મળી શકે તેમ નથી. આથી પ્રેસ કોપી એમ ને એમ રાખી મૂકી. એટલામાં અમારું વડોદરાનું ચોમાસું નક્કી થયું, અને અમે વિહાર કરીને વડોદરા આવ્યા. વડોદરાના શ્રી આત્મારામ-જ્ઞાન-મંદિરમાં પૂજ્યપાદ પ્રવર્ત્તકજી શ્રી કાંતિવિજયજી મહારાજનો ભંડાર અને પૂજ્યપાદ ગુરુદેવ શાંતમૂર્તિ શ્રી હંસવિજયજી મહારાજનો ભંડાર છે. શ્રી પ્રવર્ત્તકજી મહારાજના ભંડારમાં હસ્ત-લિખિત લગભગ ગુજરાતી ભાષાની ચાર હજાર પ્રતિઓ છે. તેનું લીસ્ટ જોતાં તેમાંથી આ કૃતિની ત્રણ પ્રતિઓ મળી આવી. એ પ્રતિઓ પૈકી એક પ્રતિ સંવત ૧૫૭૩ની લખેલી હોઇ મને ખૂબ આનંદ ગયો. એ પછી મેં આ પ્રતિ પરથી બીજી નવી પ્રેસ કોપી તૈયાર કરીને બીજી પ્રતો સાથે સરખાવીને કવિવર લાવણ્યસમયની આ કૃતિનું સંપાદન કર્યું છે.

આ કાર્યની પ્રેરણા કરનાર અને ઉત્સાહ આપનાર મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજનો, અને વીરના ઉપાશ્રયના ભંડારની પ્રતિ પંન્યાસજી શ્રી કીર્તિમુનિજી મહારાજ દ્વારા મલી છે તેથી એમનો આભાર માનીને વિરમું છું. —સંપાદક.

આજ અનંતા ભવતણાં, કીધાં અતિઘણાં રે [1]મઝ એહજિ ટેવ તુ;
પાપ આલોઉં આપણાં, સુણિ સમરથ રે સીમંધર દેવ તુ. ૧
છોડિ સીમંધર સામીઆ, કાંઈ વીનતી રે કરું [2]બે કર જોડિ તુ;
ખોડિ નહિ કહિતાં ખરુ, [3]ભમિઉ ભવતણી રે કહુ કેતલી કોડિ તુ. ૨ છોડિ
છોડિ સીમંધર સ્વામીઆ, આલોયણુ રે બોલૂં [4]બે કર જોડિ તુ;
છોડિ કૃપા કરી માહરી, મોરાં કર્મનાં રે બહુ બંધન [5]મોડિ તુ. ૩ છોડિ
સામી! ભમિઅ ભમિઅ ભવ ઊસનઉ; સામી! હૂં ભમિઉ રે ગતિ ચ્યારિ મઝારિ તુ;
ચઊદઇ રાજ [6]મઈ ફરસીઆં, સુખ તરસીઆં રે દુખ [7]એતલુ સાર તુ. ૪ છોડિ
મિથ્યામતિ મનિ આણુતુ, નવિ જાણુતુ રે કાંઈ ધરમ વિચાર તુ;
સદગુરુ ભેટિ ભલી હુઇ, એ[8]તુ પ્રામીઉ રે જિનશાસન સાર તુ. ૫ છોડિ
સામી! આઠઈ માતર આદરું, ખરું સમકિત રે ધરું ધર્મનઉં ધ્યાન તુ;
શત્રુ ન કો મનિ માહરઇ, જગિજીવડા રે મોરઇ મિત્ર સમાન તુ. ૬ છોડિ
સામી! [9]સૂધા વ્રત નવિ સાધીયાં, શ્રાવકતણાં રે જે બોલીઆં બાર તુ;
[10]કંદ ન મૂલ ન ટાલીયાં, [11]વટાલીઆ રે આજ અંગ અપાર તુ. ૭ છોડિ

૧ મુઝ૦ કાં. ૩. પુ. । ૨ બિહૂ૦ કાં. ૧ । ૩ ભમિઉ ભવતણી રે ગતિ કેતલી કોડિ તુ૦ કાં. ૧ । ૪ બિહિ૦ કાં. ૧ । ૫ ત્રોડિ તુ૦ કાં. ૧ મુ. । ૬ મિં૦ કાં. ૨ વી. । ૭ એતલઇં૦ કાં. ૨ । ૮ મિ૦ કાં. ૪ વી. । ૯ સૂધલાં૦ કાં. ૩. વી. મુ. । ૧૦ કંદમૂલ નવિ૦ કાં. ૩. પુ. વી. મુ. । ૧૧ વિટાલિઆં. કાં. ૩. પુ. ।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સામી! દેવ ન ગુરુ નવિ ઓલખિઆ, [12]નવિ માણીઉ રે દયાધર્મનઉ ભાવ તુ;
વળી વિકર્મ કીયાં ઘણાં, [13]હસિઆં આપણાં રે કહું કેટલા મર્મ તુ. ૮ છોડિ
સામી! કરસણ ખેત્ર સૂડાવીઆં, ખણાવીઆ રે ઘણા કૂઅ તલાવ તુ;
[14]દ્રહ ફોડિયાં સોસાવીયાં, ખિણિ નાવીઉ રે દયાધર્મનઉ ભાવ તુ. ૯ છોડિ
સામી! [15]મઇ નિસિભોજન કરી, નવિ પરહરિઉં રે વલી અણગલ નીર તુ;
ચીર પખાલિઆં તે ણુઈસિઉ, [16]ઈસિઉ નાવીઉ રે દયાધર્મનઉ હીર તુ. ૧૦ છોડિ
સામી! દેખતાં દવ લગાડીયાં, ઊજાડીઆં રે [17]પર નયરની સીમ તુ;
કીધલાં પાપ [18]પરાંચીઆ, [19]ઇસિઆં સંચીઆં રે કહુ કીજસિ કીમ તુ. ૧૧ છોડિ
પહિલઉ પાણીહારડઇ, નવિ બાંધીઉ રે બીજઉ ખંડણ ઠાઇ તુ;
ત્રીજઉ નઈં પેખી પીસણઇ, [20]ચઉથુ ચંદ્રઉ રે વલી ચૂહલઈ બાંધિ તુ. ૧૨ છોડિ
ભોજનિ ભલઉ અતિ પાંચમુ, છઠઉ ચંદ્રઉ રે [21]વલી છાસિનઈં ઠામિ તુ;
સાતમુ વલી અ સંઝેરણઇ (?), ઈસિઉ આઠમુ રે સૂઆ સેજ વખાણિ તુ. ૧૩ છોડિ
[ નુમો તે દેહાસર ભલો, દસમઉ ચંદ્રઉ રે સામાઇક ઠામિ તુ;
જીવદયાનિ કારિણે, એહવા ચંદૂઆ રે નવિ કીધલા સામિ ! તુ છોડિ ]
સામી! મઇ કણ અણસોઝિયા દલિયા, [22]ઈણુઇં ખંડણિ રે નવિ જોઇઆ જંત તુ;
સારવણે જીવ મારવિઆ, ઇણઇં ઇંધણિ રે હણિયા જીવ અનંત તુ. ૧૪ છોડિ
સામી! નીર ગલી ન જાણીઉં, નવિ આણીઉં રે ગલણું ધરિ સાર તુ;
પાર નહિ પાતિગ તણુઉ, ઘણું બોલીઉં રે સુણિ શાસ્ત્રવિચાર તુ. ૧૫ છોડિ
[23]તાણુ નઇં અંગુલ ત્રીસનઉં, પહુલપણિ રે વલી આંગલ વીસ તુ;
સોઈ ગલણ બિસરું કરી, જલ નવિ ગલિઉં રે જવ ઊગતઈ દીસિ તુ. ૧૬ છોડિ
સામી! પાલર વાકલ મેલીઆં, મઇં તુ ભેલીઆં રે ભાંભલા તોય તુ;
સોઇ સંખારૂ ઉલટઇ, [24]તીહં અહગતિ રે કિમ દૂકડી હોઇ તુ. ૧૭ છોડિ
સામી! ઘણું અથાણુઈ અલજયુ, ઈણિઇં જીભડઇં રે કીધાં ભક્ષ અભક્ષ તુ;
લાખ ચઉરાસી હું ભમિઉ, હવઇ મનિ ધરી રે તું પરતક્ખ તુ. ૧૮ છોડિ
નિગુંણિ જ્ઞાન વિરાધીઆં, નવિ સાધીયા રે સદ્દગુરૂ તણા બોલ તુ;
વિધિ કરી દેવ ન પૂજીયા, નવિ પાલીઆ રે ખરા ધર્મ નિટોલ તુ. ૧૯ છોડિ

૧૨ નવિ આવીઉ રે ક્ષણુ ધર્મતુ ભાવતુ૦ કાં. ૩. મુ. પુ. । ૧૩ ઈસ્યાં૦ કાં. ૧, અસો-હામણાં રે અસ્યાં કેટલા નામ૦ કાં. ૧ । ૧૪ દ્રહ નદી નીર સોસાવીઆં૦ વી. । ૧૫ મિ નિસિ-ભોજન રસિ કર્યાં૦ વી. કાં. ૩. પુ. । ૧૬ કીસુ દયાનુ રે હૃદય નાવીઉં હીર તુ૦ કાં. ૧ । ૧૭ પુર૦ કાં. ૩. વી. મુ. પુ. । ૧૮ પરાંછિઆં૦ કાં. ૩. પુ. । ૧૯ અસ્યાં ઘણાં રે કર્મ કોજીસિઇ કીમ તુ૦ કાં. ૧ । ૨૦ ચઉથઉ ચંદૂઉ રે ચૂહલાં ચંગિ બંધાય તુ૦ કાં. ૩. મુ. વી. પુ. । ૨૧ અનછાસિનઈ ઠામિ તુ૦ વી. મુ. । ૨૨ વલી ખાંડણે રે નવિ જોઇયા ધાન તો૦ કાં. ૧ । ૨૩ લાંબુ૦ કાં. ૧ । ૨૪ તેણુઇ૦ કાં. ૩. પુ. વી. ।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સામી ! કુતિગ દેખી કારિયા, પરશાસનિ રે હું તો ભોલવિઉ ભૂર તુ;
કૂર છાંડિ બાજરિ વસિઉ, નવિ પામીઉ રે પ્રભુ પુન્ય અંકૂર તુ. ૨૦ છોડિ
માયા માંડિ મિત્રસિઉં, [25]મઇં તુ યંત્રસિઉં રે પીલ્યાં જીવ અનંત તુ;
[26]ભાર ઘણુ અતિ પીડીઉ, ક્રોધિ હણિઉ રે બઇલ તુરંગ તુ. ૨૧ છોડિ
સામી ! બાલક માઈ વિછોહીઆં, વલી વાછડૂ રે નવિ મેલીઆ માઈ તુ;
પસૂઆં પશણિ બાંધીઆ, અપરાધીઆ રે વિણુ ઘાલીઆ ઘાઉ તુ. ૨૨ છોડિ
સામી ! રોસ ભરિયાં હું તઉ રણિ ચડિઉ, મઈ વાહી છઈ રે હથિઆરની ધાર તુ;
વાર ન લાગી વેગલઇ, મઈ તુ કીધલાં રે બહુ કર્મ અપાર તુ. ૨૩ છોડિ
સામી ! [27]પંખધરિઆ થઈ પારધી, હણ્યા હરણુલા રે વલી વાગડૂ જીવ તુ;
પાંજરિ પોપટ પોષીઆં, સહિ સૂઅડલા રે કરતલા રીવ તુ. ૨૪ છોડિ
સામી ! સાત વ્યસન મઈ પોષીઆં, દેવ ! દોષીઆ રે ધૂરિ ધરમનાં ઠામ તુ;
કામ કીધાં કામીતણાં, [28]દેવ ! દુરગતિ રે પ્રભુ પડતાલા રાખિ તુ. ૨૫ છોડિ
સામી ! જૂઅ રમિઉ જઈ જૂવટઈ, મઈ તુ હારિઉ રે વલી અરથભંડાર તુ,
[29]વેશ્યાઘરિ વાસિ વસિઉ, [30]ખિણુ નાવિઉ રે દયાધર્મનઉ ભાવ તુ. ૨૬ છોડિ
સામી ! લોભ લગઇ પરધન લીઉં, [31]મઇ તુ કીધલઉ રે થિરથંપણિમોસ તુ;
જોસ જોઅ્યુ કૂડઉ ઘણુઉ, વિણુ દોષીઆં રે વલી દીધલઉ દોષ તુ ૨૭ છોડિ
માન ઘણૂં મનિ આણુતુ, નવિ માનીઆં રે ગુરુ માય નઇ બાપ તુ;
દેવ નઈ દરસણિ ધીજતુ, નવિ કીજતુ રે કોઈ ધરમઉપાય તુ. ૨૮ છોડિ
સામી ! મસ્તકિ કાંકસા વાહિઆ, વીસઇં વિસા રે ગ્રસા માંકણ લીખ તુ;
જૂઅ જીવાજોનિ દૂહવી, તીણુઈં ભવિ ભવિ રે મઝ લાગીછઇ સીખ તુ. ૨૯ છોડિ
સામી ! ગામ મકાતી હું થયું, બઇઠઉ માંડવી રે લેઈ નગર તલાટ તુ;
વાટ ન વાહી ધર્મની, [32]લેવા ભણી રે મોટા મંદિર હાટ તુ. ૩૦ છોડિ
સામી ! ઊઢવલાં નિતુ આકરાં, કરાવીઆં રે પસૂ પીડીઆં બાલ તુ;
સાંડસે માંઠ ( માંસ ? ) ત્રોડાવીઆ, મરાવીઆ રે બઇઠઉ થઇ વિકરાલ તુ. ૩૧ છોડિ
સામી ! વિણુજ કીઆ મઈં વિષતણાં, મઈં તુ વહુરીઆં રે મધુ માખણ મીણ તુ;
વાગુરીની વઉહરાવીઆ, તીણુઈં કેતલા રે ભવ હું થયુ હીણ તુ. ૩૨ છોડિ
સામી ! ધન ભણી ધાયુ ઘણું, કીધાં વસ્તુનાં રે ભલાં ભેલ સંભેલ તુ;
પાપ કુટંબ મઈં પોસીઆં, ઘૃત અવગણિ રે મઈં તુ આદરિઉં તેલ તુ. ૩૩ છોડિ

---

૨૫ મઇં તાં યંત્રસિઉ રે પીડયા જીવના અંગ તુ. કાં. ૩. વી. મુ. પુ. । ૨૬ ભાર ઘણુઈ ઘણુ પીડિઆં. કાં. ૩, ભાર ઘણુઈ આરોપીઆ૦ વી. । ૨૭ પંખ ધરીઅ પરાધીઆ૦ કાં. ૧ । ૨૮ હવિરયાં ઘણા રે લીજઈ લાજતાં નામ તુ૦ કાં. ૩. મુ. વી. । ૨૯ વેસ્યાહરિ કાં. ૧ । ૩૦ મુઝ નાવિઉ રે મનિ વિનય વિચાર તુ૦ કાં. ૨ વી. । ૩૧ કીઆં પાતિક રે થિર થાપિણ મોસ તુ૦ કાં. ૩. વી. પુ. । ૩૨ મંડાવીઆ રે મોટા૦ કાં. ૩. પુ. ।

For Private And Personal Use Only

કોડિ ગમે કૂડાં લવ્યાં, મઇં તુ ઉલવી રે કીધાં કેટલાં પાપ તુ;
આપ વખાણી થિઉ ભલઉં, લેવા ભણી રે ઘડિયાં નવ નવાં માપ તુ. ૩૪ છોડિ

સામી! સાટઇં લાંચ લીધી ઘણી, ભલાં સાંભલી રે ભરી કુડી છઇં સાખિ તુ;
લેખ લખિઉ કુડઉ ઘણઉં, [33]દેવ! દોષીઆ રે વિણુ દીધલઉ દોસ તુ. ૩૫ છોડિ

સામી! ઈંટ આરંભ કરાવીઆ, પચાવીઆ રે વલી નયરિ નીમાહ તુ;
[34]પરગટ પસૂઅ મરાવીઆ, ભવ હારીઉ રે દેવ! હઇઅડલઈ હાણિ તુ. ૩૬ છોડિ

સામી! વનમાંહિ રિષિ સંતાપીઆ, પ્રભુ ફોડી અછઇ સરોવર તણી પાલિ તુ;
ડાલ મોડિ તરૂઅર તણી, ઘણી નગરની રે મંઈ તુ દીધીછઈ ગાલિ તુ. ૩૭ છોડિ

સામી! કામ અંગાલ કરાવીઆં, હલ ગાડલાં રે દંતાલ વિશાલ તુ;
લોભિઇં લોહ પઠાવીઆં, [35]ઈમ પુણ્યની રે પ્રભુ મઇં કરા હાણી તુ. ૩૮ છોડિ

સામી! વૃક્ષ વિશેષ કપાવીઆ, ઈમ ખાંતસિઉં રે ખોહાવી છઈ ખાણિ તુ;
વીંજણે વાય વીજાવીઆ, ઈમ પુણ્યની રે પ્રભુ મઇં કરી હાણિ તુ. ૩૯ છોડિ

સામીં! લહૂડપણુઇ હાહૂ કરી, મઇં બોલીઉં રે બોલ અખંડ તુ;
[36]રઢ તણઇ રસિ મહહ્યાં, મઈં આલીઉ રે દીવાણિ જ દંડ તુ. ૪૦ છોડિ

સાતઇ ક્ષેત્ર ન સાચવ્યાં, [37]એતુ નિરમલાં રે નવિ દીધલું દાન તુ;
સીલ ન પાલ્યાં સાચિલાં, તપ નવિ તપિઉ રે નાવિઉં સૂધલું ગ્યાન તુ. ૪૧ છોડિ

સામી! [38]ચોરી નઇં ચાડી કરી, નવિ સીખીઉ રે કાંઈ સંતનઉ માગ તુ;
રાગ ન આવિઉં ધર્મનું, સેત્રુંજા ભણી રે નવિ કીધલા પાગ તુ. ૪૨ છોડિ

પાંચે ઇંદ્રી ભોલવિઉ, હું તુ રોલવિઉ રે સંસાર મઝારિ તુ;
મંદિર માયા જલિ પડિઉં, ત્રિભુવનપતી! રે મૂંહનઇં પાર ઉતારિ તુ. ૪૩ છોડિ

આલોઅણુ કેતી કહૂં, મઝ લાગાં છઇ રે જિન! કર્મ અનંત તુ;
[39]કહેતાં પાર ન પ્રામીઇ, તું તુ જગપતિ! રે જાણુઈ જયવંત તુ. ૪૪ છોડિ

સંવત પનર બાસઠઇ, આદીસર રે અલવેસર સાખિ તુ;
વામજ માંહિ વીનવઉં, સીમંધર રે દેવ દરિસણુ દાખિ તુ. ૪૫ છોડિ

અમિઅ ઠરિઉ આણુંદ ભરિઉ, આજ મઇ કરિઉ રે પોતઇ સુકૃતભંડાર તુ;
[40]ભવભયસાગર ઉતરિઉ, ચિંતિ લાધઉ રે જિણુ મુગતિ દાતાર તુ. ૪૬ છોડિ

---

૩૩ હવિ દૂર્ગતિ રે પ્રભુ પડતલા રાખ તુ૦ કાં. ૩. વી. પુ. । ૩૪ પરગટ પસુઅ સમરાવીઆં, ભવ હારિઆ રે હિવઇ થયુ અનાહ તુ૦ કાં. ૩. વી. પુ. । ૩૫ કરી ધાતુની રે મિ તુ વાતડી આસ તુ૦ કાં. ૩. વી. । ૩૬ રંડ ભણુઇ૦ કાં. ૧. વી. । ૩૭ નવિ સીંચીઉ રે કાંઇ સત્યનુ માગ તુ૦ કાં. ૨ । ૩૮ ચતુર૦ કાં. ૩ । ૩૯ કહેતાં અનંત ન પામીઈ૦ કાં. વી. । ૪૦ ભવસાગર સુખિ ઉતરિઉ૦ કાં. ૨. વી. ।

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સામી ! નામિઈં હું નિરમલ થયું, મઝ ભવ ગયું રે પાતગ તણુઈ હારિ તુ;
મુનિ લાવણ્યસમઇ ભણુઈ, નિતુ વાંદિસિઉં રે પ્રભુ આણુંદપૂરી તુ. ૪૭ છોડિ

## ॥ શ્રી સીમંધર સ્વાધ્યાય ॥

॥ શુભ ભવતુ શ્રી સંઘસ્ય ॥

## ક્ષેપક ગાથાઓ

ગાથા ૧૭ પછી— [કા. ૩ મુજબ]

ગલણું સાત જિનવર કહિયાં, પહિલું ગલણું રે મેંઠા જલતણું જાણિ તો;
બીજુ ખારા જલતણું, આછણુતણું રે વલી ત્રીજલું આણી તો. છો૦
ચઉથું ઘી, તેલ પાંચમું, છઠ્ઠુ ગલણું રે છાસિનું શાસ્ત્રપ્રમાણુ તો;
સાતમું આટા ચાલણુ કેરું,એહવી જયણા રે નવિ પાલીઅ સાંમિ તો; છો૦

ગાથા ૧૮ પછી— [કાં. ૧ મુજબ]

છાંણુ સવારે મેલીયાં, એ તો થાપીઆં રે વલી ગોલ વીચાલ તો;
વલી વલી કર્મ કીધાં ઘણાં, તિણે હું પીડચો રે પ્રભુ પાસ પેયાલ તો;છોડિ.

ગાથા ૩૦ પછી— [કાં. ૧ મુજબ]

કોટવાલ નીત આકરાં, કરાવ્યાં રે પસૂ પાડા બાલ તો;
સાંડસેસું માંસ તોડાવીઆ, ધર્યાં ધ્યાન રુદ્ર અપાર તો. છોડિ.

ગાથા ૩૦ પછી— [કાં. ૨ મુજબ]

વિણજ કર્યા બહૂ બાહલા, રસકસ તણા રે કર્યા કણુ વેપાર તો;
લાખ કસુંભક મહૂઅડાં, તિમ રૂઅડાં રે વલી ઔષધ સાર તો.
ચોરતણી સંગતિ, વલી વુહરી રે સબલ તેહની વસ્તુ તો;
સંબલ કરી તસ આપીઉં, એહવાં પ્રભુ રે કર્યાં કોડિ પ્રપંચ તો.

ગાથા ૪૦ પછી— [કાં. ૧ મુજબ]

કુંલા ગર્ભ ગલાવીઆ, બલાવીયા રે વલી ચારની ગુંજય તો;
ધાંખનાં આવી ધર્મની, પ્રભુ મેં કીયા રે વલી પાપના પૂંજય તો.

ગાથા ૪૪ પછી— [કાં. ૧ મુજબ]

એમ કર્મ કીધાં ઘણાં, તે કહેતાં રે નવી આવે પાર તો;
તુમ દરીસણે હું આવીયો, સ્વામિ હવિં રે મુઝનિં તાર તો.
આણુંદભયો અમીઝરો, આજ મિં કર્યો રે પોતે સુકૃતભંડાર તો;
ભવસાગરથી ઉતર્યો, જો ચીત ધર્યો રે મુગતી દાતાર તો.

For Private And Personal Use Only

ગાથા ૪૫ પછી— [ઢાં. ૧ મુજબ]

વાર વાર તુમ્હ વીનવું, મિ તો જોઇયા રે કીધાં કર્મ અનંત તો;
તેણુ લખમે લખ ચાહિયા, ભેટ તુમ્હ વિન રે ભવ ગયા અનંત તો.
તુમ્હ સેવા વિણુ જીવડે, કિહાં સુખ નવિ દેખ રે ખિણુ એકઇ દેવ તો;
કર્મ યોગે હવે તુમ મિલ્યા, મનોરથ સે ફલ્યા રે દુઃખ નાઠા દૂરિ તો. ૫૧

ગાથા ૪૪ પછી— [ઢાં. ૧ મુજબ]

ઇણ્પરિ પાપ આલોઇયાં, જે અનુભવ્યા રે વલી જીવ અનંત તો;
આ જોઈએ જિન છોડવે, ઇંસ્યાં બુઝવે રે જિન જીવ અનંત તો.

## કઠિન શબ્દો

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ખોડિ | ખોડ, ભૂલ, ખામી | ગા. | ૨ | વાકલ | વેકળાનું પાણી (?) | ગા. | ૧૭ |
| મોડિ | ભાંગી નાખવું, મોડી નાખવું | ,, | ૩ | ભાંભલા | ખારાશ પડતું પાણી | ,, | ૧૭ |
| ભવઉસનઉ | ભવઅવસન્ન,ભવથીકંટાળેલો | ,, | ૪ | તીહં | ત્યાં | ,, | ૧૭ |
| ચઉદ્દઇ | ચૌદે | ,, | ૪ | અલજ્યુ | અભિલાષવાળો | ,, | ૧૮ |
| સૂધા | શુદ્ધ | ,, | ૭ | પરતકિખ | પ્રત્યક્ષ | ,, | ૧૮ |
| ઇસિઆં | આવાં | ,, | ૮ | નિટોલ | નક્કી | ,, | ૧૯ |
| કરસણુ ખેત્ર | વાવેલું ક્ષેત્ર | ,, | ૯ | કુતિગ | કૌતૂક | ,, | ૨૦ |
| કૂઅ | કૂપ–કૂવો | ,, | ૯ | બઇલ | બેલ, બળદ | ,, | ૨૧ |
| ખિણિ | ક્ષણ માત્ર | ,, | ૯ | વિછોહીઆં | જુદાંપાડયાં | ,, | ૨૨ |
| ણુઇસઉં | નદીમાં | ,, | ૧૦ | માઇ | માતા | ,, | ૨૨ |
| ઊજાડીઆં | ઉજાડ કર્યાં | ,, | ૧૧ | પરાણિ | પરાણે, જબરજસ્તીથી | ,, | ૨૨ |
| પરાંચીયા (?) | | ,, | ૧૧ | ધાઉ | ઘાત, પ્રહાર | ,, | ૨૨ |
| પાણીહારડઇ | પાણીયારા ઉપર | ,, | ૧૨ | હું તઉ | હું તો | ,, | ૨૩ |
| ખંડણુ ઠાઇ | ખાંડવાને સ્થાને | ,, | ૧૨ | પંખધરિઆ | પંખી | ,, | ૨૪ |
| પીસણુઈ | પીસવાની જગ્યાએ | ,, | ૧૨ | સૂઅડલા | સુડો, સુડલો, એકજાતનો પોપટ | | ૨૧ |
| ચૂહલઈ | ચૂલા ઉપર | ,, | ૧૨ | થંપણિ | થાંપણ | ,, | ૨૭ |
| છાસિનઇંઠામિ | છાશવલોવવાનીજગ્યાએ | ,, | ૧૩ | મોસ | અપલાપ, ઇનકાર | ,, | ૨૭ |
| સંઝેરણુઇ (?) | | ,, | ૧૩ | ઊઢવલાં (?) | | ,, | ૩૧ |
| સૂઆ સેજ | શયનસ્થાન | ,, | ૧૩ | ઉલવી | અપલાપ, પચાવી પાડવી | ,, | ૩૪ |
| અણુસોઝિયા | અણુશોધ્યા | ,, | ૧૪ | સાટઇ | સાટે, બદલામાં | ,, | ૩૫ |
| જંત | જંતુ, જીવ | ,, | ૧૪ | હઇઅડલઈ | હૃદયમાં | ,, | ૩૬ |
| સારવણુ | સાવરણી | ,, | ૧૪ | ખંતિસિઉં | ખંતથી | ,, | ૩૯ |
| સારવિઆ | સાફ કર્યા | ,, | ૧૪ | લહૂડપણુઇ | નાનપણમાં | ,, | ૩૯ |
| પહુલપણિ | પહોળાઈમાં | ,, | ૧૬ | અભંડ | નહિ ભાંડવા યોગ્ય | ,, | ૪૦ |
| બિસરું કરી | બેવડું કરી | ,, | ૧૬ | રઢતણુઇ | લગનીના, ચડસના | ,, | ૪૦ |
| દીસિ | દિવસમાં | ,, | ૧૬ | પાગ | પગલાં, યાત્રા | ,, | ૪૨ |
| પાલર | વરસાદનું પાણી | ,, | ૧૭ | રોલવિઉ | રખડયો | ,, | ૪૩ |

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આગમોના બાલાવબોધ

( લે. પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ. )

**જન્મ**—સમય સમયની બલિહારી છે. એક સમયે જે ભાષા સુગમ જણાતી હોય તે કાલાન્તરે દુર્ગમ જણાય છે. જૈન આગમો સંસ્કૃત ભાષા કરતાં સરળ અને સુગમ એવી અદ્ધમાગધી ભાષામાં રચાયા છે. આ ભાષાનો અભ્યાસ ઘટતો ગયો અને સંસ્કૃત તરફનો પક્ષપાત વધતો ગયો ત્યારે આ આગમ ઉપર જઈણ મરહટ્ઠી ( જૈન માહરાષ્ટ્રી )માં વિવરણો ન રચાતાં સંસ્કૃત વૃત્તિઓ રચાવા માંડી. વખત જતાં સંસ્કૃતનું જ્ઞાન પરિમિત બન્યું એટલે ગુજરાતી ભાષામાં આગમો સમજાવવાનું કાર્ય હાથ ધરાયું. આમ ગુજરાતી બાલાવબોધનો જન્મ થયો.

**અર્થ**—બાલાવબોધ એટલે બાળકોને-સંસ્કૃત જેવી પ્રૌઢ ભાષાથી અપરિચિત જનોને પ્રચલિત લોકભાષા દ્વારા કરાવાતું જ્ઞાન. આને 'ટબ્બો' પણ કહે છે. 'ટબ્બો' એ અર્થમાં ટબો, ટબુ, ટબ્બક, ટબાર્થ, સ્તબ્બક, સ્તબુક, સ્તબુકાર્થ ઇત્યાદિ શબ્દો વપરાય છે. આની વ્યુત્પત્તિ દર્શાવવાના હેતુથી મેં "ગુજરાતી" ( સાપ્તાહિક ) ના તા. ૨૭-૭-૪૧ ના અંકમાં "ટબો અને એનાં સગાંવહાલાં" એ નામનો લેખ લખ્યો હતો.

**મહત્ત્વ**—બાલાવબોધ એ ગદ્યાત્મક લખાણ છે, અને એથી એક રીતે એનું મહત્ત્વ અધિક છે. ગુજરાતી સાહિત્યમાં જેટલા પ્રમાણમાં પદ્યાત્મક કૃતિઓ છે તેના હિસાબે ગદ્યાત્મક કૃતિઓ ઘણી ઓછી છે. બાલાવબોધ જૂની ગુજરાતી ભાષાનું સ્વરૂપ સમજવા માટે પણ ઉપયોગી છે.[1] આમ બાલાવબોધનું મહત્ત્વ હોવાથી જે જે ભિન્ન ભિન્ન ગ્રન્થો ઉપર અને ખાસ કરીને આગમો ઉપર બાલાવબોધ મળે છે તે સમીક્ષાત્મક પદ્ધતિએ છપાવવા જોઈએ. આ બાલાવબોધ સંસ્કૃત અવચૂરિ-અવચૂર્ણિની ગરજ સારે છે. એ મૂળનો અર્થ સમજવામાં સુગમતા કરી આપે છે. આ બાલાવબોધો કંઈ લંબાલચ વિવેચન નથી, પણ સંક્ષેપમાં અર્થ રજૂ કરનાર વિશિષ્ટ સાધન છે.

**સૂચિ**—જૈન ગૂર્જર કવિઓ ( ભાગ ૩, ખંડ ૨, પૃ. ૧૭૯૦-૧૭૯૭ )માં જૈનોને હાથે રચાયેલા બાલાવબોધોની-વિવરણાત્મક ગદ્ય-કૃતિઓની નોંધ છે. આમાં કેવળ જૈન ગ્રન્થોને અંગે જ બાલાવબોધ નોંધાયા છે એમ નથી, પણ ભગવદ્ગીતા જેવી અજૈન કૃતિના બાલાવબોધ વિષે પણ નિર્દેશ છે. વિશેષમાં આગમો સિવાયની જૈન કૃતિઓને લગતા બાલાવબોધનો પણ ઉલ્લેખ છે. પરંતુ અહીં તો કેવળ આગમોના બાલાવબોધ વિષે હું વિચાર કરવા ઇચ્છું છું, અને તેમ કરવા માટે મુખ્યતયા ઉપર્યુક્ત કૃતિનો ઉપયોગ કરું છું.

૧ **અંતગડદસા**— (અન્તકૃદ્દશા)—આ આઠમા અંગના ઉપરનો ટબ્બો ( સ્તબુ-

---

૧ "આપણા કવિઓ" ( ખંડ ૧, પૃ. ૨૫૩ ) માં કહ્યું છે કે "પદ્યમાં તો જૂનાં શબ્દસ્વરૂપોને જાણે અજાણે સાચવી રાખવાનો પ્રયત્ન હોય છે, પદ્યને પ્રૌઢ બનાવવા સાહિત્યદીય ભાષાનાં રૂઢ રૂપો સાચવવાનો પ્રયત્ન હોય છે, અને ગદ્યકથાઓ કે એવું વિશિષ્ટ કાવ્યમય ગદ્ય લખાયું હોય તો તેમાંયે તેવું પ્રૌઢ ગદ્ય સાચવવાનો પ્રયત્ન થયો હોય છે, પણ માત્ર સમજૂતી ખાતર લખવામાં આવેલાં ટીકા-ટિપ્પણમાં તો માનવમુખમાં વ્યક્ત થતું ભાષાસ્વરૂપ નીકળી આવે તે વધુ સંભવિત છે..."

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાર્ય ) ભાવવિજયગણિના શિષ્ય રામવિજયે દ્વીપ બંદરમાં વિ. સં. ૧૭૬૫માં લખ્યો છે, પણ આ ટબ્બાના કર્તાનું નામ જાણવામાં નથી.

૨ અણુઓગદ્દાર ( અનુયોગદ્વાર )—આ એક ચૂલિયાસુત્ત ઉપર વિક્રમની ૧૯મી સદીમાં-ઇ. સ. ૧૮૧૩-૪ માં એક બાલાવબોધ લખાયો છે. એક વિ. સં. ૧૮૭૮માં લખાયો છે. આ બંને કૃતિ ભિન્ન ભિન્ન હો કે ન હો, પણ એના કર્તાનું નામ જાણવામાં નથી. શોભા ઋષિના શિષ્ય મોહને બાલા૦ રચ્યો છે. એ આ આગમ અને હેમચન્દ્ર-સૂરિકૃત વૃત્તિ સહિત ધનપતસિંહ તરફથી છપાવાયો છે.

૩ અણુત્તરોવવાઇયદસા ( અનુત્તરૌપપાતિકદશા )—આ નવમા અંગ ઉપર એક બાલાવબોધ વિ. સં. ૧૭૨૬માં લખાયો છે. એક બાલાવબોધ રત્નવિજયગણિના હાથે વિ. સં. ૧૭૩૧માં, એક કોઈકને હાથે વિ. સં. ૧૮૦૨માં, એક વિ. સં. ૧૮૨૨માં અને એક વિ. સં. ૧૮૪૮માં લખાયેલ છે. આ તમામના કર્તા વિષે આપણે અજ્ઞાત છીએ. વિશેષમાં આ બધા બાલાવબોધ ભિન્ન ભિન્ન કૃતિ છે કે કેમ તે પણ જાણવું બાકી રહે છે. આ આગમ અભયદેવસૂરિકૃત ટીકા, ઋષિ કૃષ્ણલાલના સંસ્કૃત અનુવાદ અને એમણે રચેલા બાલા૦ સહિત ધનપતસિંહ બહાદુર તરફથી છપાવાયાં છે.

૪ આઉરપચ્ચક્ખાણ ( આતુરપ્રત્યાખ્યાન )—જાદવ મુનિએ આ પઇણ્ણગ ઉપર વિ. સં. ૧૬૫૫માં બાલા૦ લખ્યો છે, પણ એના કર્તાના નામની ખબર નથી.

૫ આયાર ( આચાર )—બૃહત્તપા નાગોરી તપાગચ્છના સાધુરત્નના શિષ્ય પાર્શ્વ-ચન્દ્રે આ પ્રથમ અંગ ઉપર વિક્રમની સોળમી સદીમાં બાલા૦ રચ્યો છે. આ બાલા૦ શીલાંકસૂરિકૃત ટીકા, જિનહંસસૂરિની દીપિકા તેમજ મૂળ આચાર સહિત ધનપતિસિંહ તરફથી છપાયેલો છે.

૬ આવસ્સય (આવશ્યક) આ મૂલસુત્તને ષડાવશ્યક પણ કહે છે. એના ઉપર તરુણપ્રભસૂરિએ વિ. સં. ૧૪૧૧ ( શશિશિવેન્દુ )માં બાલા૦ રચ્યો છે. વિ. સં. ૧૪૮૫ માં 'ઉપદેશમાલા' નો બાલા૦ રચનારા સોમસુન્દરસૂરિએ પણ ષડાવશ્યક ઉપર બાલા૦ રચ્યો છે. આ આગમ ઉપર હેમહંસગણિએ વિ. સં. ૧૫૦૧માં, ખરતર ગચ્છના મેરુ-સુન્દરગણિએ તરુણપ્રભકૃત બાલા૦ ના અનુસારે વિ સં. ૧૫૨૫માં, જયકેશરિસૂરિના શિષ્ય મહિમાસાગરે વિક્રમની સોળમી સદીમાં, મુનિપ્રભસૂરિના શિષ્ય હૃદયધવલે પણ આ સદીમાં, અને ઉત્તરજ્ઝયણ ઉપર બાલા૦ રચનારા સમરચન્દ્રે આ સદીના અંતમાં અને એની પછીની ( સત્તરમી ) સદીના પ્રારંભમાં એકેક બાલા૦ રચ્યો છે. વળી વિ. સં. ૧૭૫૧માં દિવાળીના દિવસે અહીં ( સુરતમાં ) જશવિજયના શિષ્ય જિનવિજયે અને વિ. સં. ૧૭૯૦માં સમયસુન્દરે આ આગમ ઉપર એકેક બાલા૦ રચ્યો છે.

વિશેષમાં વિ. સં. ૧૫૧૫માં, વિ. સં. ૧૫૮૩માં, વિ. સં. ૧૫૯૬માં, વિ. સં. ૧૬૦૮માં, વિ. સં. ૧૬૩૦માં, વિ. સં. ૧૭૧૨માં, વિ. સં. ૧૭૫૦માં, વિ. સં. ૧૮૪૯માં અને વિ. સં. ૧૮૮૬માં એકેક અજ્ઞાતકર્તૃક બાલા૦ લખાયો છે.

૭ ઉત્તરજ્ઝયણ ( ઉત્તરાધ્યયન )—શ્રવણ ઋષિના શિષ્ય મેઘરાજ કે જેમણે વિ. સં. ૧૬૬૯માં સાધુ સામાચારી રચી છે તેમણે આ મૂલસુત્ત ઉપર બાલા૦ રચ્યો છે. વિક્રમની સોળમી સદીમાં થઈ ગયેલા પાર્શ્વચન્દ્રસૂરિના શિષ્ય સમરચન્દ્રે આ આગમ ઉપર બાલા૦ રચ્યો છે. વિ. સં. ૧૬૭૪ અને ૧૬૯૪ના ગાળામાં અભયસુન્દરગણિના શિષ્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કમલલાભે પણ એક બાલા૦ રચ્યો છે. વિ. સં. ૧૬૨૦માં, વિ. સં. ૧૬૫૩ (સંવત્ અઢાઈ ૪૧ વર્ષ)માં, વિ. સં. ૧૬૬૯માં (સ્તબક), વિ. સં. ૧૬૭૬માં (સ્તબક), વિ. સં. ૧૬૯૨માં, વિ સં. ૧૬૯૪માં. વિ. સં. ૧૭૦૫માં, વિ. સં. ૧૭૨૪માં અને વિ. સં. ૧૭૩૬માં અજ્ઞાતકર્તૃક બાલા૦ લખાયા છે. તપાગચ્છના શાન્તિવિજયના શિષ્ય માનવિજયે વિ. સં. ૧૭૪૧ (સંયમવેદેન્દુ)માં બાલા૦ રચ્યો છે. વિ. સં. ૧૭૫૪માં, વિ. સં. ૧૭૬૩માં, વિ. સં. ૧૭૬૪માં, વિ. સં. ૧૭૭૨માં, વિ. સં. ૧૭૭૬માં, વિ. સં. ૧૭૮૪માં, વિ. સં. ૧૭૯૦માં, વિ. સં. ૧૭૯૨માં અને વિ. સં. ૧૯૦૨માં (સ્તબક) બાલા૦ લખાયા છે, પણ એ તમામ અજ્ઞાતકર્તૃક છે.

૮ ઉવાસગદસા (ઉપાસકદશા)—આ સાતમા અંગ ઉપર કોઈકે વિ. સં. ૧૬૧૦માં બાલા૦ લખ્યો છે. એના કર્તાનું નામ જાણવામાં નથી. ખરતરગચ્છના જિનચન્દ્રસૂરિના શિષ્ય વાદી હર્ષવલ્લભે વિ. સં. ૧૬૯૨માં બાલા૦ (ટબાર્થ) રચ્યો છે. વિ. સં. ૧૭૦૨માં, વિ. સં. ૧૭૧૨માં, વિ. સં. ૧૭૬૧માં (સ્તબક) અને વિ. સં. ૧૮૫૯માં મેદિનીપુરમાં પં. કલ્યાણાબ્ધિ (કલ્યાણસાગર)ના શિષ્ય દેવેન્દ્રાબ્ધિ (દેવેન્દ્રસાગર)ને હાથે બાલા૦ લખાયા છે. પણ એમાંથી એકના કર્તાનું નામ જાણવામાં નથી.

૯ ઓવવાઇય (ઔપપાતિક) શ્રવણના શિષ્ય મેઘરાજે આ પહેલા ગણાતા ઉવંગ ઉપર બાલા૦ રચ્યો છે. લોંકાગચ્છના અમૃતચન્દ્રસૂરિએ બાલા૦ રચ્યો છે અને એ મૂળ તેમજ અભયદેવસૂરિકૃત ટીકા સહિત ધનપતિસિંહે છપાવ્યો છે. વિશેષમાં વિ. સં. ૧૮૧૧માં અને વિ. સં. ૧૮૨૫માં કોઇકે બાલા૦ લખેલ છે.

૧૦ ચઉસરણ (ચતુઃશરણ)—આ પઇણ્ણ ઉપર લક્ષ્મીસાગરસૂરિના શિષ્ય જયચન્દ્રસૂરિએ વિક્રમની સોળમી સદીમાં બાલા૦ રચ્યો છે.[1] સાધુરત્નના શિષ્ય પાર્શ્વચન્દ્રે વિ. સં. ૧૫૯૭માં બાલા૦ (વાર્તિક) રચેલ છે. વિ. સં. ૧૬૩૯માં, વિ સં. ૧૬૯૨માં, વિ. સં. ૧૭૧૪માં, કલ્યાણસોમને હાથે વિ. સં. ૧૭૧૯માં, વિ. સં. ૧૭૩૬માં, વિ. સં. ૧૭૬૪માં, ખીમરુચિને હાથે વિ. સં. ૧૮૧૯માં, અને વીસમી સદીમાં બાલા૦ (ટબો) લખાયેલ છે.

જંબૂઅજ્ઝયણ (જમ્બૂ-અધ્યયન)—આ પઇણ્ણગ હશે એમ માની હું વિ. સં. ૧૮૧૬માં લખાયેલા એના એક બાલા૦ ની અહીં નોંધ લઉં છું.

૧૧ જંબુદ્દીવપણ્ણત્તિ (જમ્બૂદ્વીપપ્રજ્ઞપ્તિ)—જ્ઞાનવિજયના શિષ્ય જીવવિજયે કે જેમણે અધ્યાત્મકલ્પદ્રુમ ઉપર વિ. સં. ૧૭૯૦માં સ્તુબાર્થ (ટબો) રચ્યો છે, તેમણે આ ઉવંગ ઉપર બાલા૦ રચ્યો છે. વિશેષમાં આ ઉવંગ ઉપર ચન્દ્રભાણ ઋષિએ પણ બાલા૦ રચ્યો છે. એ મૂળ તેમજ શાન્તિચન્દ્રની ટીકા સહિત છપાયો છે. વિ. સં. ૧૮૦૮માં તેમજ વિ. સં. ૧૮૪૫માં બાલા૦ લખાયા છે.

૧૨ જીવાજીવાભિગમ—વિક્રમની સત્તરમી સદીમાં થઇ ગયેલા વિનયવિમલના શિષ્યે આ ઉવંગ ઉપર બાલા૦ રચ્યો છે. જસવિજયના શિષ્ય જિનવિજયે પણ વિ. સં. ૧૭૭૨માં બાલા૦ રચ્યો છે. વિશેષમાં વિ. સં. ૧૮૩૩માં, વિ. સં. ૧૮૪૦માં, વિ. સં. ૧૮૭૯માં અને વિ. સં. ૧૮૮૬માં બાલા૦ લખાયા છે.

૧ આમ જૈ. ગૂ. ક. (પૃ. ૧૫૮૧) માં ઉલ્લેખ છે. આ જ પૃષ્ઠ ઉપર સોમસુન્દરસૂરિના શિષ્ય પં. સંવેગદેવગણિએ 'ચઉશરણ પયન્ના' રચ્યાનો ઉલ્લેખ છે તો શું આ બાલા૦ છે?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૩ **ઠાણ** (સ્થાન)—મેઘરાજગણિએ આ ત્રીજા અંગ ઉપર બાલા૦ રચ્યો છે. એ મૂલ તેમજ અભયદેવસૂરિકૃત ટીકા સહિત ધનપતસિંહ તરફથી છપાયો છે. વિશેષમાં વિ. સં. ૧૭૭૦માં (સ્તબક), વિ. સં. ૧૮૦૦માં અને વિ. સં. ૧૮૩૬માં બાલા૦ લખાયો છે.

૧૪ **તંદુલવેયાલિય** (તન્દુલવૈચારિક)—આયાર, ઓવવાઇય, ચઉસરણ, દસવેયાલિય, પણ્હાવાગરણ, રાયપસેણઇય અને સૂયગડ ઉપર બાલા૦ રચનારા અને સાધુરત્નના શિષ્ય પાર્શ્વચન્દ્રે આ પઇણ્ણગ ઉપર પણ બાલા૦ રચ્યો છે. વિ. સં. ૧૬૫૩માં એક અજ્ઞાતકર્તૃક બાલા૦ લખાયેલ છે.

૧૫ **દસવેયાલિય** (દશવૈકાલિક)—સાધુરત્નના શિષ્ય પાર્શ્વચન્દ્રે આ મૂલસુત્ત ઉપર બાલા૦ રચ્યો છે. વિક્રમની સત્તરમી સદીમાં થઈ ગયેલા સોમવિમલસૂરિએ આ આગમ ઉપર તેમજ પજ્જોસવણાકપ્પ ઉપર પણ બાલા૦ રચેલ છે. ખરતર ગચ્છના હર્ષતિલકગણિના શિષ્ય મહોપાધ્યાય રાજહંસે વિ. સં. ૧૬૬૨ પહેલાં બાલા૦ રચ્યો છે. શ્રીપાલ ઋષિએ વિ. સં. ૧૬૬૪માં આ આગમ ઉપર બાલા૦ રચ્યો છે. એવી રીતે વિદ્યારત્નગણિના શિષ્ય કનકસુન્દરગણિએ વિ. સં. ૧૬૬૬માં અને રાજચન્દ્રસૂરિએ વિ. સં. ૧૬૮૮માં એકેક બાલા૦ રચ્યો છે. વિ. સં. ૧૬૦૭માં, વિ. સં. ૧૬૬૩માં, વિ. સં. ૧૬૯૨માં, વિ. સં. ૧૬૮૫માં, વિ. સં. ૧૭૧૦માં, વિ. સં. ૧૭૧૩માં (સ્તબક), વિ. સં. ૧૭૫૧માં, વિ. સં. ૧૭૫૮માં, વિ. સં. ૧૭૭૧માં, વિ. સં. ૧૭૭૮માં, વિ. સં. ૧૭૯૩માં, વિ. સં. ૧૮૦૭માં, વિ. સં. ૧૮૨૩માં તેમજ વિ. સં. ૧૯૨૯માં અજ્ઞાતકર્તૃક બાલાવબોધો લખાયા છે.

૧૬ **દસાસુયક્ખંધ** (દશાશ્રુતસ્કન્ધ)—કેશવજી ઋષિએ વિ. સં. ૧૭૦૯માં આ છેયસુત્ત ઉપર બાલા૦ રચ્યો છે. વિ. સં. ૧૭૧૪માં તેમજ વિ. સં. ૧૭૬૮માં બાલા૦ લખાયા છે.

૧૭ **નંદી** (નન્દી)—આ અને ચૂલિયાસુત્ત ઉપર વિ. સં. ૧૬૬૪માં, વિ. સં. ૧૬૬૮માં વિ. સં. ૧૭૯૬માં, વિ. સં. ૧૮૦૦માં, વિ. સં. ૧૮૧૮માં તેમજ વિ. સં. ૧૮૫૭માં એકેક અજ્ઞાતકર્તૃક બાલા૦ લખાયેલ છે. નન્દી ઉપરનો એક બાલા૦ એ મૂલ આગમ તેમજ મલયગિરિસૂરિકૃત ટીકા સહિત ધનપતસિંહ તરફથી છપાયેલ છે.

૧૮ **નાયાધમ્મકહા** (જ્ઞાતાધર્મકથા)—વિ. સં. ૧૬૬૬માં દસવેયાલિય ઉપર બાલા૦ રચનારા કનકસુન્દરગણિએ આ છઠ્ઠા અંગ ઉપર બાલા૦ રચ્યો છે. વિક્રમની સત્તરમી સદીમાં થઈ ગયેલા વિજયશેખરે પણ આ અંગ ઉપર બાલા૦ રચ્યો છે. વિશેષમાં એકેક અજ્ઞાતકર્તૃક બાલા૦ વિ. સં. ૧૬૩૦માં, વિ. સં. ૧૬૫૪માં, વિ. સં. ૧૮૪૯માં, વિ. સં. ૧૮૫૩માં, વિ. સં. ૧૮૫૪માં અને વિ. સં. ૧૯૦૫માં લખાયેલો છે.

૧૯ **નિરયાવલી**—આ ઉવંગ ઉપર વિ. સં. ૧૭૬૪માં, વિ. સં. ૧૭૮૨માં અને વીસમી સદીમાં જિનવિજયે રાંદેરમાં એમ એકેક અજ્ઞાતકર્તૃક બાલા૦ લખાયેલ છે.

૨૦ **પક્ખિયસુત્ત** (પાક્ષિકસૂત્ર)—દીપસાગરના શિષ્ય સુખસાગરે કે જેમણે વિ. સં. ૧૭૬૨માં પજ્જોસવણાકપ્પ ઉપર બાલા૦ રચ્યો છે એમણે આ આગમ ઉપર વિ. સં. ૧૭૭૩માં બાલા૦ રચ્યો છે. વિ. સં. ૧૭૯૧માં સપ્તનયવર્ણનની સાથે આ આગમ ઉપર જે બાલા૦ લખાયો છે તે તેમજ વિ. સં. ૧૯૧૨માં લખાયેલો બાલા૦ એ બંને અજ્ઞાતકર્તૃક છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨૧ **પજ્જંતારાહણા** (પર્યન્તારાધના)--આ પર્યણ્ણુગ તરીકે ઓળખાવાતી કૃતિ ઉપર પંદરમી સદીના સોમસુંદરે કે જેમણે ષડાવશ્યક ઉપર બાલા૦ રચ્યો છે તેમણે એક બાલા૦ રચ્યો છે. વિ. સં. ૧૭૦૮માં સુન્દરકુશલને હાથે એક અજ્ઞાતકર્તૃક બાલા૦ લખાયો છે. સોમસૂરિએ પાઇયમાં રચેલ પજ્જંતારાહણ–પયરણ ઉપર વિ. સં. ૧૮૩૯માં એવો એક બાલા૦ લખાયો છે.

૨૨ **પણ્ણવણા** (પ્રજ્ઞાપના)—વિનયવિમલના શિષ્ય ધનવિમલે વિજ(? શ્રા)લ સોમસૂરિના રાજ્યમાં--અઢારમી સદીમાં આ ઉવંગ ઉપર બાલા૦ રચ્યો છે. જ્ઞાનવિજયના શિષ્ય અને જંબુદ્દીવપણ્ણત્તિ ઉપર બાલા૦ રચનારા જીવવિજયે પણ આ ઉવંગ ઉપર બાલા૦ રચ્યો છે. વિ. સં. ૧૮૧૮માં આ ઉવંગ ઉપર એક બાલા૦ લખાયો છે. પરમાણુંદ ઋષિએ આ ઉવંગ ઉપર જે બાલા૦ રચ્યો છે તે મૂળ તેમજ મલયગિરિસૂરિકૃત ટીકા સહિત ધનપતસિંહ તરફથી છપાયેલો છે.

૨૩ **પણ્હાવાગરણ** (પ્રશ્નવ્યાકરણ)—અનેક આગમો ઉપર બાલા૦ રચનારા પાર્શ્વચન્દ્રે આ દસમા અંગ ઉપર બાલા૦ રચ્યો છે. વિ. સં. ૧૬૬૮માં અને જિનવિજયે વિ. સં. ૧૭૭૦માં આ આગમ ઉપર એકેક અજ્ઞાતકર્તૃક બાલા૦ લખેલ છે.

૨૪ **રાયપસેણઇય** (રાજપ્રશ્નીય)—આયાર ઇત્યાદિ આગમ ઉપર બાલા૦ રચનારા પાર્શ્વચન્દ્રે આ ઉવંગ ઉપર બાલા૦ રચ્યો છે. શ્રવણના શિષ્ય મેઘરાજે પણ વિ. સં. ૧૬૭૦માં બાલા૦ રચ્યો છે. વિ. સં. ૧૭૧૮માં, વિ. સં. ૧૭૮૫માં અને વિ. સં. ૧૭૯૪માં એકેક અજ્ઞાતકર્તૃક બાલા૦ લખાયો છે.

૨૫ **વંગચૂલિયા** (ચૂલિકા)—આના ઉપર વિ. સં. ૧૮૮૨માં એક બાલા૦ લખાયો છે, પણ એના કર્તાનું નામ જાણવામાં નથી.

૨૬ **વિયાહપણ્ણત્તિ** (વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ)—રાજસુન્દરસૂરિના શિષ્ય પદ્મસુન્દર ગણિએ આ પાંચમા અંગ ઉપર વિ. સં. ૧૭૦૭ ને વિ. સં. ૧૭૩૪ની વચ્ચે બાલા૦ રચ્યો છે. વિ. સં. ૧૭૦૧માં એક બાલા૦ લખાયો છે તે આની પૂર્વે કોઇકે રચ્યો છે. વિ. સં. ૧૮૮૬માં એક અજ્ઞાતકર્તૃક બાલા૦ લખાયો છે.

૨૭ **વિવાગસુય** (વિપાકશ્રુત)—આ અગિયારમા અંગ ઉપર વિ. સં. ૧૯૨૦માં એક અજ્ઞાતકર્તૃક બાલા૦ લખાયો છે.

૨૮ **સંથારગ** (સંસ્તારક)—ઉત્તરજ્ઝયણ તેમજ ષડાવશ્યક ઉપર બાલા૦ રચનાર પાર્શ્વચન્દ્રસૂરિએ આ પઇણ્ણગ ઉપર બાલા૦ રચ્યો છે અને એની એક હાથપોથી વિ. સં. ૧૬૩૯માં લખાયેલી છે. સાગરચન્દ્રસૂરિના શિષ્ય ક્ષેમરાજે પણ આ આગમ ઉપર વિ. સં. ૧૬૭૪માં બાલા૦ રચ્યો છે.

૨૯ **સમવાય**—ઉત્તરજ્ઝયણ, ઓવવાઇય વગેરે ઉપર બાલા૦ રચનારા મેઘરાજે આ ચોથા અંગ ઉપર બાલા૦ રચ્યો છે. વિ. સં. ૧૭૮૧માં આ અંગ ઉપર એક અજ્ઞાતકર્તૃક બાલા૦ લખાયો છે.

૩૦ **સૂયગડ** (સૂત્રકૃત)—અનેક આગમ ઉપર બાલા૦ રચનારા પાર્શ્વચન્દ્રે આ બીજા અંગ ઉપર બાલા૦ રચ્યો છે. એ મૂળ, શીલાંકસૂરિની ટીકા તેમજ હેમવિમલસૂરિજીની દીપિકા સાથે ધનપતસિંહ દ્વારા છપાયેલ છે. આ આગમના પહેલા સુયક્ખંધ ઉપર વિ. સં. ૧૬૯૮માં અને વિ. સં. ૧૭૦૭માં એકેક અજ્ઞાતકર્તૃક બાલા૦ લખાયો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ ઉપરથી નીચે મુજબની બાબતો તારવી શકાય છે—

(૧) અગિયારે અંગો ઉપર ઓછામાં ઓછો એક બાલા૦ તો છે, પણ ઉવંગો, છેયસુત્તો કે પઇણ્ણગો માટે આમ ઉલ્લેખ થઇ શકે તેમ નથી.

(૨) તરુણપ્રભસૂરિએ [1]વિ. સં. [2]૧૪૧૧માં ષડાવશ્યક ઉપર બાલા૦ રચ્યો તે આગમો ઉપરના તમામ બાલાવબોધોમાં સૌથી પ્રાચીન હોય એમ લાગે છે, કેમકે [3]પજ્જોસવણાકપ્પ જેવા ગ્રન્થાંશને લક્ષ્યમાં લઈએ તોપણ એના ઉપર સૌથી પ્રાચીન બાલ૦ કમલપ્રભસૂરિના શિષ્ય આસચન્દ્રનો વિ. સં. ૧૫૧૭ નો છે.[4]

(૩) અનેક આગમો ઉપરના બાલાવબોધો હજી અપ્રસિદ્ધ દશામાં છે.

(૪) કર્તાનાં નામવાળા બાલાવબોધો સૌથી વધારે કોઈ આગમ ઉપર રચાયા હોય તો તે આગમ ષડાવશ્યક છે.

(૫) બધા આગમો પૈકી આવસ્સય, ઉત્તરજ્ઝયણ અને દસવેયાલિય ઉપર સૌથી વધારે પ્રમાણમાં બાલા૦ રચાયા હોય એમ લાગે છે.

(૬) બાલાવબોધ રચનારામાં સૌથી વધારે બાલા૦ કોણે રચ્યા છે, એ પ્રશ્નનો ઉત્તર વિચારતાં પાર્શ્વચન્દ્રનું નામ મોખરે આવે છે. કેમકે એમણે આગમો ઉપર બાલાવબોધો રચેલા છે.

(૭) આગમો ઉપર બાલાવબોધ રચવાનું કાર્ય જે [5]વિક્રમની પંદરમી સદીની લગભગ શરૂઆતથી શરૂ થયું તે અઢારમી સદીના અન્ત સુધી તો ચાલુ[6] રહ્યું છે, ( કોઈ અજ્ઞાતકર્તૃક કૃતિ એ પછી પણ રચાઇ હોય તો તે જુદી વાત છે. ) આમ હોવાથી ગુજરાતી ભાષાના રૂપરંગના વિકાસનો ત્રણ સદી જેટલો તો અભ્યાસ કરવાનું કાર્ય આ બાલાવબોધો બજાવે છે.

ગોપીપુરા, સુરત. તા. ૧૧–૬–૪૭.

---

૧ અત્યાર સુધીમાં મળેલી તમામ ગુજરાતી ગદ્યકૃતિઓમાં વિ. સં. ૧૩૩૦માં આશાપલ્લીમાં લખાયેલી આરાધના સૌથી પ્રાચીન છે.

૨ વિ. સં. ૧૪૧૧માં વિજયભદ્રે હંસરાજ વચ્છરાજ ચઉપઈ રચી છે. એ સૌથી જૂની ગુજરાતી લોકકથા ગણાય છે (જુઓ આપણા કવિઓ ખંડ ૧ નું પૃ. ૨૮૪).

૩ વિ. સં. ૧૫૪૮માં આચાર્ય બનેલા અને વિ. સં. ૧૫૮૮માં સ્વર્ગે સંચરેલા હેમવિમલસૂરિએ પજ્જોસવણાકપ્પ ઉપર બાલા૦ રચ્યો છે. વિ. સં. ૧૫૩૮માં એક અજ્ઞાતકર્તૃક ટબ્બો આ ગ્રન્થાંશ ઉપર લખાયો છે.

૪ નવકારમંત્ર ઉપરના ગુજરાતી વિવેચનની એક હાથપોથી વિ. સં. ૧૩૫૮માં લખાયેલી છે, પણ નવકારમન્ત્ર એ ષડાવશ્યકનું એક અંગ છે.

૫ વિક્રમની ચૌદમી સદીમાં લખાયેલા ગુજરાતી ગદ્યગ્રંથોના નમૂના પ્રાચીન ગૂર્જર કાવ્યસંગ્રહમાં ગાયકવાડ પૌર્વાત્ય ગ્રન્થમાળામાં પ્રસિદ્ધ થયા છે. વળી જિનવિજયજીએ સંપાદિત પ્રાચીન ગદ્યસંદર્ભ (પૃ. ૨૦૫–૨૨૨) પણ આ સંબંધમાં જોવો ઘટે. આ સંદર્ભના પૃ. ૧–૫૯માં તરુણપ્રભે રચેલી ત્રીસ વાર્તાઓ જોવાય છે.

૬ મહાનંદે વિ. સં. ૧૮૩૪માં પજ્જોસવણાકપ્પ ઉપર ટબ્બો રચ્યો છે, પણ આ પજ્જોસવણાકપ્પ દસાસુયકખંધનો એક ભાગ છે, અખંડ આગમ નથી એટલે એની અહીં ઉપેક્ષા કરાઈ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## મહાકવિ પરમાહર્ત શ્રીધનપાલરચિત

# શ્રાવકવિધિપ્રકરણ

(મૂળ તથા અનુવાદ યુક્ત ટૂંક પરિચય)

લેખક-પૂજ્ય મુનિમહારાજ શ્રી ધુરંધરવિજયજી

મહાકવિ ધનપાલ જૈનશાસનમાં ઊંચું સ્થાન ધરાવે છે. તેઓ જન્મે દ્વિજન્મા-બ્રાહ્મણ હતા. શૈવધર્મની સેવના પણ તેમણે લાંબા કાળ સુધી કરી હતી. તેમની વિદ્વત્તા, પ્રતિભા, પાંડિત્ય અદ્વિતીય હતાં. રાજા ભોજની સભામાં તેઓ લબ્ધપ્રતિષ્ઠ હતા. તેમની કવિત્વશક્તિ અપૂર્વ હતી. તેમના પિતા સર્વદેવ અને માતા સોમશ્રી હતાં સર્વદેવ એ દેવર્ષિ બ્રાહ્મણના પુત્ર. કુટુમ્બમાં સરસ્વતીનો વાસ લાંબા સમયથી હતો. વિદ્વાનોની નગરી તરીકે પ્રસિદ્ધિ પામેલી ધારાનગરીમાં તે કુટુંબ રહેતું હતું. સર્વદેવને બે પુત્રો અને એક પુત્રી હતાં. મોટા પુત્ર એ ધનપાલ, અને નાના પુત્ર શોભન. પુત્રીનું નામ સુન્દરી હતું. સર્વદેવ બ્રાહ્મણને ત્યાં કુળપરંપરાથી એક વાત ચાલી આવતી હતી કે-પોતાના પૂર્વજો શ્રીમન્ત હતા, અને લક્ષ્મી ઘરમાં કોઈ સ્થળે ગુપ્ત છે. ઘણા પ્રયત્નો છતાં તે હજુ સુધી હાથ લાગી ન હતી.

આચાર્ય મહેન્દ્રસૂરિજી જ્યારે ધારા નગરીમાં પધાર્યા ત્યારે સર્વદેવે તેમનો પરિચય સાધ્યો. પ્રગાઢ પરિચય થયો એટલે વિનાસંકોચે તેણે આચાર્યશ્રીને વિનવ્યું કે "કૃપા કરી મારા ઘરમાં નિધાન છે તે આપ દેખાડો."

દીર્ઘદૃષ્ટિ આચાર્યશ્રીએ કહ્યું—"તારી મિલકતનો અર્ધો ભાગ મને આપ તો દેખાડું."

"કબૂલ," કહી સર્વદેવે સૂરિજીનું વચન સ્વીકાર્યું. અહિવલયચક્રના પરિબલથી નિધાનસ્થળ આચાર્યશ્રીએ શોધી આપ્યું. તે સ્થળે ખોદતાં અઢળક ધન હાથ લાગ્યું. એકવચની બ્રાહ્મણે એ ધનના બે ભાગ કર્યા અને આચાર્યશ્રીને બોલાવીને કહ્યું—"આ તમારો અર્ધો ભાગ લ્યો."

"અમે સાધુઓ કંચન-કામિનીના ત્યાગી તેને અડકીએ પણ નહિં," આચાર્ય મહારાજે કહ્યું, ને સાથે જણાવ્યું કે-"આ આટલી જ તારી મિલકત છે? બીજું કાંઈ તારી મિલકતમાં નથી?"

બ્રાહ્મણે તેની મિલકત ગણાવી. પણ તે મિલકત બધી સ્થૂલ--જડ હતી. એ મિલકતનું આચાર્યશ્રીને કામ નહોતું. તેમને જરૂર હતી ચેતનવંતી સંપત્તિની. એટલે એમણે કહ્યું: "આ તારા બે પુત્રો એ તારી સંપત્તિ કહેવાય કે નહિ?"

"કહેવાય," બ્રાહ્મણે કહ્યું.

"તો તેમાંથી એક અમને વહોરાવી દે-આપી દે," આચાર્ય મહારાજે સ્પષ્ટ માંગણી કરી.

× × ×

ચુસ્ત બ્રાહ્મણ ધનપાલના હૃદયમાં તે કાળ અને તે યુગનું વાતાવરણ ઠાંસી ઠાંસીને ભર્યું હતું. એ યુગે તેને શિખવ્યું હતું કે—हस्तिना ताड्यमानोऽपि, न गच्छेज्जैन-मन्दिरम् । न वदेद्यावनीं भाषां, प्राणैः कण्ठगतैरपि ॥

રાજસભાથી ઘેર આવેલા ધનપાલને જ્યારે સર્વદેવે આચાર્યશ્રી સાથેના પ્રસંગને જણાવ્યો ત્યારે ધનપાલે ઉશ્કેરાઈને કહ્યું કે—"કુલધર્મની વિનાશક વાત કરવાનું તમને કેમ સૂઝે છે? એવી પ્રતિજ્ઞા કે વચન એ મિથ્યા છે. કોઈ પણ ઉપાયે એનું પાલન ન થઈ શકે-ન કરી શકાય. મારા માટે તમારે આવી આશા કદી રાખવી નહિ."

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સર્વદેવને ખોટું લાગ્યું. તેમણે શોભનને વાત કરી. સરલ સ્વભાવના શોભને પિતાના વચનને માન્ય કર્યું-સ્વીકાર્યું અને તેણે મહેન્દ્રસૂરિજી પાસે સંયમ સ્વીકાર્યું-દીક્ષા લીધી. રાજ્યમાં લાગવગવાળા ધનપાલે આ બનાવથી ક્રોધ કરી, આજુબાજુના પ્રદેશમાં જૈન મુનિઓના વિહારને બંધ કરાવ્યો.

× × ×

શોભન મુનિ બુદ્ધિમાન હતા. તેમણે થોડા સમયમાં સારી વિદ્વત્તા સંપાદન કરી. તેમની વિદ્વત્તાની સાક્ષી તેમણે રચેલી એક જ કૃતિ, જે "શોભનસ્તુતિ" નામે પ્રસિદ્ધ છે તે, પૂરે છે.

માલવદેશમાં વિહાર બંધ થવામાં પોતે નિમિત્ત થયા છે એ વિચાર શોભન મુનિના હૃદયને ડંખતો હતો. ગુરુ મહારાજશ્રીની અનુજ્ઞા લઈને પોતે એકદા ધારાનગરીમાં પધાર્યા. માર્ગમાં ધનપાલનો મેળાપ થયો. મુનિઓનો ઉપહાસ કરવાને ટેવાયેલ ધનપાલે આગળ બે દાંતવાળા શોભનમુનિને કહ્યું—" **गर्दभदन्त ! भदन्त ! नमस्ते ॥** "

એવા જ પ્રકારનો પ્રત્યુત્તર આપતા શોભનમુનિએ પાન ચાવતા-લાલ મોઢાના-ધનપાલને કહ્યું: " **कपिवृषणास्य ! वयस्य ! सुखं ते ।** "

ધનપાલને મુનિના યથોચિત ઉત્તર ઉપર બહુમાન ઉપજ્યું, ને પૂછ્યું કે—" **कुत्र भवदीयनिवासः ?** "

મુનિએ જણાવ્યું—" **यत्र भवदीयनिवासः !** "

પછી ધનપાલ બહુ માનપૂર્વક શોભનમુનિને પોતાને ઘેર લઈ ગયો. અતિથિસત્કારથી ટેવાયેલ તે ઉચિત સમયે વહોરવા માટે બોલાવવા આવ્યો. શોભનમુનિ પોતે તેને ત્યાં વહોરવા ગયા. ત્રણ દિવસનું દહીં ન લીધું, અભરાઈ ઉપર ખુલ્લા પડેલા મોદક-લાડવા ન વહોર્યા. સ્વાભિમાની બ્રાહ્મણ ધનપાલે કહ્યું કે-શું આ દહીંમાં જીવડા પડ્યા છે ? આ મોદકમાં-લાડવામાં ઝેર છે ?

હતું પણ તેમ જ. અલતો નાખીને દહીંમાં રહેલા નાના જન્તુઓને મુનિએ પ્રત્યક્ષ કરી બતાવ્યા, ને મોદકમાં વિષસંચાર થયો છે, તે પણ સ્પષ્ટ કરી દર્શાવ્યું.

ધનપાલ આશ્ચર્ય પામ્યો. ત્યારથી તે મુનિની વિશેષ સંગતિ કરવા લાગ્યો. પોતાના ભાઈ છે એમ સ્પષ્ટ થતાં તેના પશ્ચાત્તાપનો પાર ન રહ્યો.

આ પ્રસંગ ધનપાલના જીવન-પરિવર્તનનો ગણાય છે. ધનપાલ તે અત્યાર સુધી અન્વર્થ રીતે ધન-પાલ હતો; તે હવે એક રીતે કહીએ તો ધર્મ-પાલ બન્યો.

શૈવધર્મને તેણે તિલાંજલિ આપી ને આર્હત ધર્મ સ્વીકાર્યો.

× × ×

જૈન ધર્મમાં આવ્યા બાદ અગ્નિશુદ્ધ સુવર્ણ જેમ દીપે તેમ તે દીપવા લાગ્યો. તેની એક એક કૃતિ એ વાતની સાક્ષી પૂરે છે. મહાકવિ ધનપાલની અનેક કૃતિઓમાં તેમને વિખ્યાત કરનાર કૃતિઓ તિલકમંજરી અને ઋષભપંચાશિકા એ બે છે. તિલકમંજરી એ ગદ્ય કથા, સંસ્કૃતમાં કાદમ્બરી જેવી અને અમુક રીતે કાદમ્બરીથી પણ ચઢિયાતી કૃતિ છે. ઋષભપંચાશિકા એ શ્રીઆદિનાથ પ્રભુની સ્તુતિ છે, પ્રાકૃત ભાષામાં છે. આ કૃતિ માટે કુમારપાલપ્રબંધમાં એક ઉલ્લેખ છે કે-શ્રી સિદ્ધાચળની યાત્રા માટે કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રસૂરિજી મહારાજ પધાર્યા હતા. જીવદયાપ્રતિપાલ પરમાર્હત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કુમારપાળ ભૂપાળ આદિ સાથે હતા. શ્રીઋષભદેવ ભગવંતની સ્તુતિ કરતા શ્રી હેમચંદ્રસૂરિજી મહારાજ ધનપાલકૃત આ ઋષભપંચાશિકા બોલ્યા.

કુમારપાલ મહારાજાએ પૂછ્યું કે-ભગવંત! આપ કલિકાલસર્વજ્ઞ છો. આપ બીજાએ બનાવેલી સ્તુતિ શા માટે બોલો છો? આચાર્યશ્રીએ જવાબ આપ્યો—

આવી ભક્તિનીતરતી સદ્ભૂત ભાવ ભરેલી સ્તુતિ રચવા અમે પણ શક્તિમાન નથી.

ગુરુ મહારાજનું આવું અભિમાન રહિત વચન સાંભળી રાજા વગેરે પણ એ જ સ્તુતિ બોલીને પ્રભુની સ્તવના કરવા લાગ્યા.

ધનપાલની વિદ્વત્તા માટે ઉપરનો પ્રસંગ ઓછા સૌભાગ્યનો નથી.

૧ પાઇય લચ્છી નામમાલા, ૨ શ્રી વીરસ્તુતિ. (પ્રાકૃત) ૩, શ્રી વીરસ્તુતિ (અર્ધ સંસ્કૃત અને અર્ધ પ્રાકૃત) ૪. શોભનસ્તુતિ-વૃત્તિ, ૫, સત્યપુરીય મહાવીર ઉત્સાહ ઇત્યાદિ ધનપાલકૃત કૃતિઓ અત્યારે પણ સારી રીતે ઉપયોગમાં આવે છે. સંસ્કૃત નામમાલા પણ ધનપાલે બનાવેલી હોવી જોઈએ એમ અનેક ઉલ્લેખો ઉપરથી સ્પષ્ટ થાય છે. અને તેનું નામ 'લાવણ્યવતી નામમાલા' હોવું જોઈએ, પણ તે ઉપલબ્ધ નથી. 'व्युत्पत्तिर्धनपालतः' એ વાક્ય હેમચંદ્રસૂરિજી અભિધાનચિન્તામણિ-વૃત્તિમાં ટાંકે છે તે પણ ઉપરની હકીકતનું પોષક છે.

× × ×

એ જ પરમ શ્રાવક મહાકવિ ધનપાલકૃત—આ 'શ્રાવક-વિધિ-પ્રકરણ' છે.

આ પ્રકરણની ભાષા પ્રાકૃત છે. વિષય શ્રાવકની દિનચર્યા છે. ઓછામાં ઓછું શ્રાવકે કેટલું કરવું જોઇએ તે આ પ્રકરણમાં તેમણે જણાવ્યું છે.

પ્રકરણ ફક્ત ચોવીશ ગાથાનું જ છે. ચોવીશે ગાથાઓ મધુર અને કંઠે ચડી જાય એવી છે.

સારી રીતે તેનું મુદ્રણ થવાની ખાસ જરૂર છે. તે પ્રકરણ જોઈએ તે પ્રમાણમાં પ્રસિદ્ધિમાં નથી આવ્યું તેમાં પણ તેના સારા મુદ્રણ અને આવર્તન નથી થયાં એ પણ એક મુખ્ય કારણ છે.

૧ શ્રાવકે રહેવું ક્યાં? ૨ સવારમાં જાગૃત થઇને શું કરવું? ૩ ઘર દેરાસરમાં શું કરવું? ૪ પચ્ચક્ખાણ ક્યારે વિચારવું? ૫ મોટા-શિખરબંધી જિનમંદિરમાં ક્યારે જવું અને કેવી રીતે જવું? ૬ ગુરુમહારાજ પાસે જઈને શું શું કરવું? ૭ ભોજન ક્યારે કરવું? ભોજન કરતાં પહેલાં શું શું કરવું? ૮ દાન કોને કોને દેવું? ૯ ભોજન એકલા કરવું કે સપરિવાર? ૧૦ સાંજે ભોજન ક્યારે કરવું? ૧૧ રાત્રે દેરાસરમાં શું કરવું? ૧૨ રાત્રિના સમયે દિવસના લાગેલા પાપોનો પ્રતીકાર કેવી રીતે કરવો? ૧૩ વૈયાવચ્ચ-સેવા કોની કોની અને કેવા પ્રકારની કરવી? ૧૪ વિષયવિકારને શાન્ત કરવા શું શું કરવું? ૧૫ શયનવિધિ માટે શું શું વિચારવું?

એ પ્રમાણે પંદર વિષયોના ખુલાસા ખૂબ હળવી કલમે અને અતિશય સંક્ષેપમાં આ પ્રકરણમાં આપ્યા છે. ફક્ત ૧૯ આર્યામાં આ વિષયોનું વિવરણ પૂર્ણ થાય છે. છેવટની પાંચ ગાથાઓ પ્રશસ્તિ જેવી છે, તેનો અર્થ આ પ્રમાણે છે—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૨૦) આ પ્રમાણે મહાપુરુષોએ બનાવેલી શ્રેષ્ઠ શ્રાવક–વિધિમાંથી મંદમતિવાળા મેં સંક્ષેપથી કહ્યું છે.

(૨૧) આટલું પણ જેને ભારે પડે છે તેનો કર્મભાર પણ ભારે છે, કારણ કે હળવું પણ ધર્મકાર્ય ભારે કર્મીઓને ભારે લાગે છે.

(૨૨) એ રીતે જે ભયંકર દુઃખરૂપી ઈંધણને વાળનારા – દૂર કરનારા – જિનેશ્વર-સમૂહના ચરણોમાં પરમભક્તિ કરે છે તે સંસારને તરી જાય છે.

(૨૩) ભક્તિપૂર્વક જિનપૂજા, સાધુ ભગવંત–ગુરુ મહારાજની–ઉપાસના–સેવના, ઉત્તર ગુણમાં શ્રદ્ધા અને અપ્રમાદ હંમેશાં કરવો.

(૨૪) આ કાળમાં પાપરૂપી કચરાથી લેપાયેલ લોકને જિનધર્મના ઉપદેશરૂપ પાણીથી જેઓ ધોવે છે ને ધર્મમાં તત્પર રહે છે. એવા પુરુષો વિરલ છે.

× × ×

આ પ્રકરણની ૨૨મી ગાથામાં...दुक्खिंधणवालय...એ પ્રમાણે **धणवाल–धनपाल** નામ સરસ યુક્તિપૂર્વક ગોઠવ્યું છે.

શ્રાવકને અવશ્ય કરવા યોગ્ય—જે ન કરે તો તેનામાં શ્રાવકત્વ ન રહે એવી જ કરણી આ પ્રકરણમાં સૂચવી છે અને ખરેખર એટલું પણ ન કરી શકે તે ભારેકર્મી કહેવાય, તેમાં સહજ પણ શંકાને અવકાશ નથી.

આ ચોવીશ આર્યાઓ મોઢે કરી તેને રોજ સંભારવામાં આવે–તેના અર્થનું ચિંતન કરવામાં આવે–તો જીવનમાં ઘણું જાણવા મળે, જીવન દુર્માર્ગથી પાછું વળે, વિરતિમાર્ગે આગળ વધે.

પાઠશાળામાં અભ્યાસ તરીકે આ પ્રકરણ ખાસ ચલાવવા જેવું છે. નાનપણથી જ બાળકને જો આટલું ઠસી જાય તો તેના જીવનમાં તે શ્રાવકધર્મને સારી રીતે વિકસાવી શકે છે.

શ્રાદ્ધવિધિ, શ્રાવક પ્રતિક્રમણસૂત્ર વૃત્તિ, શ્રાદ્ધગુણવિવરણ, શ્રાદ્ધદિનકૃત્ય, યોગશાસ્ત્ર, વિવેકવિલાસ વગેરે ગ્રંથોમાં શ્રાવકનાં કર્તવ્યોનું વિસ્તારથી વર્ણન આવે છે. તે તે ગ્રંથો સુધી દરેક પહોંચી શકે એવા એ ગ્રંથો નથી. એટલે આ ગ્રંથ અતિ ઉપયોગી છે.

પોતાના જીવનમાં જેણે બન્ને ધર્મોનું ખૂબ સૂક્ષ્મ બુદ્ધિથી અવલોકન કર્યું હતું તેણે જે આ કરણીય–અવશ્ય કરણીય બતાવ્યું છે, તેને ગતાનુગતિક માનવાની રખે કોઈ ભૂલ કરે ! બુદ્ધિ અને અનુભવના મિશ્રણ પૂર્વકની શ્રદ્ધાથી આ ગ્રંથ રચાયો છે.

આ પ્રકરણ કેવળ વાંચીને આનંદ માનવા માટે નથી, તેને આચરણમાં મૂકવાની જરૂર છે. કર્મભારથી હળવા થવા ઇચ્છનાર શ્રાવકત્વ પુષ્પની બીડાયેલી પાંખડીઓ આ ગ્રંથના ખુશનુમ ભાવોને ઝીલીને વિકસાવે અને જીવનમાં સૌરભ ફેલાવે.

બધી મહાનુભાવોના ઉપયોગ માટે આ શ્રાવક–વિધિ–પ્રકરણ મૂળ તેમ જ તેનો ગુજરાતી અનુવાદ અહીં આપવો ઉચિતધાર્યો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી ધનપાલવિરચિત શ્રાવકવિધિપ્રકરણ ( અર્થસાથે )

[ १ ]

जत्थ पुरे जिणभवणं, समयविऊ साहुसावया जत्थ ॥
तत्थ सया वसियव्वं, पवरजलं इंधणं जत्थ ॥ १ ॥

જે નગરમાં જિનેશ્વર પ્રભુનું દેરાસર હોય, સમય-સિદ્ધાન્તના જાણકાર મુનિમહારાજાઓ અને શ્રાવકો જ્યાં હોય ત્યાં હમેશાં વાસ કરવો. વળી જ્યાં શ્રેષ્ઠ-ઉત્તમ-નિર્મલ પાણી અને ઈંધણ-બળતણ હોય. (૧)

[ २ ]

पडिबुद्धेण पहाए, नवकारो सावएण सरियव्वो ॥
संभरियव्वाइं तओ, पंचेव अणुव्वयवयाइं ॥ २ ॥

પ્રભાતમાં જાગૃત થઈને શ્રાવકે નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરવું, ત્યાર પછી પાંચ અનુવ્રત—(૧) સ્થૂલ પ્રાણાતિપાતવિરમણ વ્રત, (૨) સ્થૂલ મૃષાવાદવિરમણ વ્રત, (૩) સ્થૂલ અદત્તાદાનવિરમણ વ્રત (૪) સ્થૂલ મૈથુનવિરમણ વ્રત અને (૫) સ્થૂલ પરિગ્રહવિરમણ વ્રત એ પાંચ અણુવ્રતને સંભારવાં. ( અર્થાત્ રાત્રિ પ્રતિક્રમણ કરવું. ) ( ૨ )

[ ३-४ ]

पक्खालियकरचरणो, कडिल्लवत्थं चएइ सुईभूओ ॥
घरपडिमाउ जिणाणं, पमज्जए वयणकयकोसो ॥ ३ ॥
कुसुमेहिं पूइऊणं, धूवं उग्गाहिऊण भावेण ॥
विहिणा वंदेइ तओ, पच्चक्खाणं तओ सरइ ॥ ४ ॥
( वंदेइ जिणवरिंदे, पच्चक्खाणं तओ लहइ ॥ ४ ॥ પાઠાન્તર )

હાથ-પગ ધોઈને રાત્રિએ પહેરેલા કટિવસ્ત્ર-ધોતિયાનો ત્યાગ કરી પવિત્ર થઈને મુખકોશ બાંધી શ્રી જિનેશ્વર ભગવાનની ઘર-પ્રતિમાઓનું પ્રમાર્જન કરે. કુસુમથી પૂજા કરી, ધૂપ ઉવેખીને ભાવ પૂર્વક વિધિવડે જિનવરોને વંદે, સ્તુતિ-ચૈત્યવન્દન કરે ને પછી પચ્ચક્ખાણ લે. ( ૩-૪ )

[ ५ ]

पुणरवि कयसिंगारो, धुवक्खयसुरहिकुसुमकयहत्थो ॥
वच्चइ जिणिंदभवणे, परिहरियासेसघरकम्मो ॥ ५ ॥

વળી ફરીથી સારાં વસ્ત્રાભૂષણાદિ શૃંગાર પહેરી, ધૂપધાણું, અક્ષત, સુગંધી ગંધ, ચંદન, પુષ્પાદિની રકાબી હાથમાં લઈને જિનભવને-શિખરબંધી મોટા મંદિરે, ઘરના સર્વ કાર્યનો ત્યાગ કરીને, જાય. ( ૫ )

[ ६ ]

सव्वालंकारसचित-वाहणाईणि सव्वचिंधाणि ॥
मुत्तूण सीहवारे, पविसइ कयउत्तरासंगो ॥ ६ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સર્વ અલંકાર-સચિત્ત-વાહન-આદિ સર્વ ચિહ્નને સિંહદ્વારમાં—જિનમંદિરના પ્રવેશ-દ્વારમાં ઉતારીને ઉત્તરાસંગ કરીને—ખેસ નાખીને દેરાસરમાં પ્રવેશ કરે. ( ૬ )

[ ૭ ]

जय-जय-जयं भणंतो, नमेइ तिपयाहिणं करेऊणं ॥
पुणरवि कयमुहकोसो, करेइ पूयं जिणिंदाणं ॥ ७ ॥

" જય-જય-જય ", એ પ્રમાણે બોલતો ત્રણ પ્રદક્ષિણા દઈને નમસ્કાર કરે, વળી ફરીથી મુખકોશ બાંધીને જિનવરોની પૂજા કરે. ( ૭ )

[ ૮ ]

उग्गाहिऊण धूवं, पंचहिं सक्कत्थएहिं वंदित्ता ॥
वंदेइ मुणिवरिंदे, पच्चक्खाणं पुणो सरइ ॥ ८ ॥

ધૂપ ઉવેખીને પાંચ નમુત્થુણં પૂર્વક દેવવંદન કરે. પછી ઉપાશ્રયે જઈને મુનિવરોને વંદે ને ફરીથી પચ્ચકખાણ સંભારે-લે. ( ૮ )

[ ९ ]

पुच्छेइ मुणिवराणं, सुहराइयमाइयं सरीरविहिं ॥
भूमिं पमज्जिऊणं, उवविसइ साहुमूलम्मि ॥ ९ ॥

મુનિવરોને સુહરાઈ આદિ શરીરની સુખશાતા પૂછે, ભૂમિનું પ્રમાર્જન કરીને સાધુ-મહારાજ સમક્ષ બેસે. ( ૯ )

[ १० ]

अपुव्वं जिणवयणं, सुणेइ तत्तिं करेइ जिणभवणे ॥
पनरसकम्मादाणे, वज्जेइ करेइ घरकम्मं ॥ १० ॥

અપૂર્વ જિનવચન-તીર્થંકર ભગવંતનો ઉપદેશ સાંભળે, જિનમંદિરમાં જઈને તપ્તિ દેખરેખ રાખે, પન્નર કર્માદાનનો ત્યાગ કરીને ઘરનાં કાર્યો કરે. ( ૧૦ )

[ ११ ]

भोअणकाले पुणरवि, घरपडिमा पूइऊण कुसुमेहिं ॥
उग्गाहिऊण धूवं, नेवज्जं ढोयए सव्वं ॥ ११ ॥

ભોજન સમયે ફરીથી ઘર દેરાસરની પ્રતિમાઓને પુષ્પથી પૂજી ધૂપ ઉવેખીને સર્વ નૈવેદ્યને મૂકે. ( ૧૧ )

[ १२ ]

तह साहु-सावयाणं, दुत्थियदुहियाण बालवुड्ढाणं ॥
भत्तिइ देइदाणं, विहिणा भुंजइ सपरिवारो ॥ १२ ॥

પછી સાધુ-શ્રાવકોને, ગરીબ દુઃખીઓને, બાળ-વૃદ્ધોને ભક્તિથી દાન દઈને વિધિપૂર્વક પરિવાર સાથે ભોજન કરે. ( ૧૨ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



[ १३ ]

भुंजइ पुणो वियाले, अट्ठमभाए दिणस्स नियमेण ॥
नियपरिवारस्स तहा, एस विही दंसए निच्चं ॥ १३ ॥

વળી સાંજે દિવસના આઠમા ભાગમાં અર્થાત્ સૂર્યાસ્ત પૂર્વે બે ઘડી પહેલાં ભોજન કરે, અને પોતાના પરિવારને પણ હંમેશ આ પ્રમાણે કરવાનું શિક્ષણ આપે. (૧૩)

[ १४ ]

जिणपडिमाण निसाए, धुवं उग्गाहिऊण भावेण ॥
पडिवज्जियसमभावी, सज्झायं कुणइ भवभीओ ॥ १४ ॥

રાત્રિએ જિનપ્રતિમાનાં દર્શન કરી ભક્તિભાવે ધૂપ ઉખેવી સમતા ભાવમાં સ્થિર થઈ સંસારથી ઉદ્વિગ્ન બની સ્વાધ્યાય કરે. (૧૪)

[ १५ ]

दुपय-चउप्पय-धणधन्न-वत्थु-दिसिभोगगहियपरिमाणो ॥
दिणवरिसजम्मनियमो, निउणं पइदियहमणुसरइ ॥ १५ ॥

દાસ, દાસી, પશુ, ધન, ધાન્ય, વસ્તુ, દિશા, ભોગ વગેરેનું પરિમાણ, મર્યાદા, સ્વીકારે, અમુક દિવસ માટે-અમુક વર્ષ માટે કે જીવે ત્યાં સુધી જિંદગી પર્યંતના નિયમ લે, હંમેશ કાળજી પૂર્વક એ નિયમને સંભારે, તેને બરાબર પાળે. (૧૫)

[ १६ ]

तह साहुसावयणं, दुत्थियदुहियाण बालवुड्ढाणं ॥
पुच्छि(च्छं)तो य समत्थं, वेयावच्चं कुणइ हिट्ठो ॥ १६ ॥

પછી શ્રાવકોની, દીન-દુઃખીની, બાલ-વૃદ્ધની, સુખશાતા-કુશલ પ્રવૃત્તિ પૂછે અને ઉલ્લાસથી સેવા-ભક્તિ કરે. (૧૬)

[ १७ ]

पंचविहविसयसुक्खं, उवभुंजइ परिमिएसु दिवसेसु ॥
तिव्वाभिलासविरओ, बंभरओ पंचसु तिहीसु ॥ १७ ॥

પાંચ પ્રકારના વિષયસુખને પરિમિત વર્ષમાં-અમુક ગણત્રીના દિવસોમાં-ભોગવે, તેમાં પણ તીવ્ર અભિલાષ ન રાખે, પાંચ તિથિમાં તો બ્રહ્મચર્ય પાલે. (૧૭)

[ १८ ]

चिंतइ सयणम्मि ठिओ, सुहज्झाणं इत्थभवसमुद्दम्मि ॥
कहवि भमंतेण मए, लद्धो जिणदेसिओ धम्मो ॥ १८ ॥

શય્યામાં-પથારીમાં સ્થિર બેસી શુભ વિચારણા કરે કે આ ભવસમુદ્રમાં પરિભ્રમણ કરતાં કરતાં મેં મહામહેનતે આ જિનપ્રણીત ધર્મ પ્રાપ્ત કર્યો છે. (૧૮)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



[ १९ ]

ता संसारसमुद्दं, तरेमि जिणधम्मजाणवत्तेण ॥
अक्खयनिव्वाणपुरे, सासयसुक्खं लहिस्सामि ॥ १९ ॥

તો જિનધર્મરૂપી વહાણુ વડે આ સંસારસમુદ્રનો હું પાર પામીશ, અને અક્ષત-મોક્ષપુરીમાં શાશ્વત સુખને મેળવીશ. (૧૯)

[ २० ]

इय पवरगुणड्ढयविरइयाइ पवराए सावगविहीए ॥
संखेवेणावि मए, वागरियं मंदमइणावि ॥ २० ॥

આ પ્રમાણે મંદ બુદ્ધિવાળો હું છું, છતાં મેં શ્રેષ્ઠ ગુણોવાળા મહાપુરુષોએ બતાવેલી ઉત્તમ શ્રાવક વિધિમાંથી સંક્ષિપ્તમાં-ટૂંકામાં પણ કહ્યું. (૨૦)

[ २१ ]

एयंपि जस्स गरुअं, गरुअ कम्माण संचयं तस्स ॥
लहुअं धम्मकज्जं, अइगरुअं गरुअकम्माणं ॥ २१ ॥

આટલું પણ જેને ભારે લાગે છે તેનો કર્મસમૂહ પણ ભારે છે, કારણ કે હળવું પણ ધર્મકર્મ ભારે કર્મીઓને ભારભૂત-અતિ ભારે લાગે છે. (૨૧)

[ २२ ]

इय दारुणदुक्खिंधणवालयजिणचंदवंदचलणेसु ॥
जोकुणइ परमभत्तो (त्ति) नित्थिण्णो तेण संसारो ॥ २२ ॥

આ પ્રમાણે દારુણ-ભયંકર દુઃખરૂપી-ઈંધણ કાષ્ટને બાળનારા-દૂર કરનારા જિનવર ચંદ્ર સમૂહના ચરણોમાં પરમભક્તિને જે કરે તે સંસારનો પાર પામે છે. (૨૨)

[ २३ ]

जिणपूआ भ त्तीए, सुसाहुजणपज्जुवासणाए य ॥
उत्तरगुणसद्धाए, अपमाओ होइ कायव्वो ॥ २३ ॥

ભક્તિપૂર્વક જિનવરની પૂજા અને સુસાધુ મહારાજની સેવા ઉત્તર-ઉત્તમ ગુણોની શ્રદ્ધા વગેરેમાં અપ્રમાદ કરવો જરૂરી છે. (૨૩)

[ २४ ]

इण्हिं विरलापुरिसा, धम्मपरा पावकयवरविलित्तं ॥
जे निव्ववं(लं)ति लोअं, जिणधम्मुवएससलिलेण ॥ २४ ॥

આ કાળમાં ધર્મમાં તત્પર અને પાપરૂપી કચરાથી મલિન-ખરડાયેલ લોકને જિનધર્મના ઉપદેશ રૂપી જલથી સાફ કરનારા-ધોનારા પુરુષો દુર્લભ છે. (૨૪)

॥ ઇતિ શ્રાવકવિધિપ્રકરણમ્ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આત્મદર્શનનો અભિલાષ

લેખિકા—શ્રી લીલાબેન હઠીસિંગ

જગતમાં ઘણા મહાપુરુષો થયા છે. તેમનાં વિદ્વત્તાભરેલાં વચનોનો ગહન અર્થ હૃદયમાં ઉતારીએ તો કેટલો આનંદ થાય. તેની પરિસીમા કોણ બાંધી શકે? "દર્શનથી જે દર્શન થાય તે આનંદ તો જગત ના માય." આત્મદર્શન ક્યારે થાય, કયા ધ્યાન, જ્ઞાન, ક્રિયાથી થાય તે સમજવું ઘણું કઠિન છે. આત્મદર્શન એટલે સમ્યક્ત્વનું ભાન થવું જિજ્ઞાસુ આત્મા જ્ઞાનથી તેને દરશ કરવા ઇચ્છે, વૈરાગ્ય ને ત્યાગની વૃત્તિ કેળવે, રૌદ્ર કામથી નિવૃત્તિ પામે અને આત્માને નિર્મળ કરતાં કરતાં શુદ્ધ ભાવોને પ્રત્યક્ષ કરે. શુદ્ધ જ્ઞાન સહિત ક્રિયાનું આલંબન એ ખરું આલંબન છે. કારણ કે સમ્યગ્જ્ઞાન સહિત જે ક્રિયા તે મોક્ષે ચઢવાની નિસરણી છે. અધકચરા અને અડધા જ્ઞાનવાળા નાસ્તિકો ક્રિયાને વખોડે છે, પણ તેમને ક્યાં ભાન છે કે આ પુદ્ગલાદિક વસ્તુઓ મલિન છે, અને છતાં મનુષ્યદેહે જ મોક્ષ પામી શકાય છે.

જ્ઞાનનું દરશ જોવું હોય તો તેની સ્વાભાવિકતા શુદ્ધ ક્રિયામાં જ દેખાય. ઉપયોગ એટલે વિચક્ષણતા; વિશુદ્ધ વિચારવાળું વર્તન. વર્તનને જ્ઞાનથી શુદ્ધ કરવું જોઈએ. જ્ઞાન રસભીનું હોવું જોઈએ. શુષ્કતા એટલે કે ગોખણપટ્ટીવાળું જ્ઞાન વિશેષ લાભ કરતું નથી. વિશદ જ્ઞાન બીજા ગાઢ વાચન વગર આવતું નથી, તેથી સાહિત્યનું ખૂબ વાચન–મનન કરવું જોઈએ

આત્માની ઉચ્ચ દશા પ્રાપ્ત કરવા સતત કેટલો પ્રયત્ન જોઈએ? ત્યાગ–વૈરાગ્યની સાચી ભાવનાથી ઉચ્ચ કોટીનું મનન કરી મન કેળવવું જોઈએ. રસજ્ઞતા સહિત વૈરાગ્ય તે જ સત્ય ભાવ છે. સમભાવીપણું, મમત્વની ઓછાસ, વિવેકબુદ્ધિ, સાર–અસારનો વિચાર, ક્રિયાનું યથાર્થ જ્ઞાન તે આત્મદર્શનની અભિલાષાને પ્રત્યક્ષ કરાવે છે. આત્મા જ્યાં જ્યાં દૂષિત થતો હોય ત્યાંથી તેને પાછો વાળી માનસિક સંયમમાં રાખવો તે વીતરાગ ધર્મનાં પગથિયાં છે. ચઢવાનું ક્રમે ક્રમે બને, પણ વિચારની શુદ્ધતા તો પહેલાં જ કરવી જોઈએ. કદાચ શરીરબળ શૂન્ય થયું હોય તોયે માનસિક બળથી પણ દુષ્ટ વિચારો, લોલુપતા, અભિલાષાઓ, ધન–યૌવનની સાંસારિક વાસનાઓ વગેરેને કાબૂમાં લાવી અપૂર્વ વીર્યના ઉલ્લાસથી ઉચ્ચ કોટીનું સંયમ સાધવા સતત જાગ્રત અને પ્રયત્નશીલ રહેવું જોઈએ.

મને આત્મદર્શનનો ઘણો જ અભિલાષ છે. વિચારથી ઉચ્ચ ભાવનાઓનું મનન કરું છું, છતાંય આધ્યાત્મિક બળ ક્યાં કેળવું, ક્યાં પાછું એમ થયા કરે છે. આત્મદર્શનની વૃત્તિથી પ્રેરાઈ આ લખાયું છે. તેમાં રહેલ દોષની ક્ષમા યાચું છું, હું તો એક અજ્ઞાન સ્ત્રી છું. મનમાં જાગેલ ભાવનાને આ શબ્દોમાં મૂર્ત કરવાનો આ મારો નમ્ર પ્રયત્ન છે.

ઘીકાંટા વાડી, અમદાવાદ, તા ૨૩–૭–૪૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Shri Jaina Satya Prakasha. Regd. No. B. 3801 શ્રી જૈન સત્ય પ્રકાશ.


# દરેકે વસાવવા યોગ્ય

## શ્રી જૈન સત્ય પ્રકાશના ત્રણ વિશેષાંકો

### (૧) શ્રી મહાવીર નિર્વાણ વિશેષાંક

ભગવાન મહાવીરસ્વામીના જીવન સંબંધી અનેક લેખોથી સમૃદ્ધ અંક : મૂલ્ય છ આના (ટપાલખર્ચનો એક આનો વધુ).

### (૨) દીપોત્સવી અંક

ભગવાન મહાવીરસ્વામી પછીનાં ૧૦૦૦ વર્ષ પછીનાં સાતસો વર્ષના જૈન ઇતિહાસને લગતા લેખોથી સમૃદ્ધ સચિત્ર અંક: મૂલ્ય સવા રૂપિયો.

### (૩) ક્રમાંક ૧૦૦ : વિક્રમ-વિશેષાંક

સમ્રાટ્ વિક્રમાદિત્ય સંબંધી ઐતિહાસિક ભિન્નભિન્ન લેખોથી સમૃદ્ધ ૨૪૦ પાનાનો દળદાર સચિત્ર અંક: મૂલ્ય દોઢ રૂપિયો.

## શ્રી જૈન સત્ય પ્રકાશના બે વિશિષ્ટ અંકો

[૧] ક્રમાંક ૪૩-જૈનદર્શનમાં માંસાહાર હોવાના આક્ષેપોના જવાબરૂપ લેખોથી સમૃદ્ધ અંક: મૂલ્ય ચાર આના.

[૨] ક્રમાંક ૪૫-ક. સ. શ્રી હેમચંદ્રાચાર્યના જીવન સંબંધી અનેક લેખોથી સમૃદ્ધ અંક : મૂલ્ય ત્રણ આના.

## કાચી તથા પાકી ફાઇલો

'શ્રી જૈન સત્ય પ્રકાશ'ની ત્રીજા, પાંચમા, આઠમા, દશમા, અગિયારમા તથા બારમા વર્ષની કાચી તથા પાકી ફાઇલો તૈયાર છે. મૂલ્ય દરેકનું કાચીના બે રૂપિયા, પાકીના અઢી રૂપિયા.

—લખો—

શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિ
જેશિંગભાઈની વાડી, ઘીકાંટા, અમદાવાદ.


મુદ્રક:-મગનભાઈ છોટાભાઈ દેસાઈ. શ્રી વીરવિજય પ્રીન્ટીંગ પ્રેસ, સલાપોસ ક્રોસરોડ, પો. બો. નં. ૬ શ્રી ભક્તિમાર્ગ કાર્યાલય-અમદાવાદ. પ્રકાશક:-ચીમનલાલ ગોકળદાસ શાહ. શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિ કાર્યાલય, જેશિંગભાઈની વાડી, ઘીકાંટા રોડ-અમદાવાદ.

For Private And Personal Use Only